અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૧ જાન્યુઆરી ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ અમાસ

વર્ષ : ૧૫
અંક : ૧૬૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ગુજરાત ગ્લોબલ સમિટમાં વિશ્વના અનેક મહાનુભાવોની હાજરી**




ભારતના આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે, ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવું લક્ષ્ય બનાવાયું છે : **વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સમિટમાં સંબોધન**

# ભારત વિશ્વમિત્રની ભૂમિકા ભજવી રહ્યું છે : વડાપ્રધાન મોદી

। ગાંધીનગર, તા.૧૦ ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલલ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્રમોદીએ નિવેદન આપતા જણાવ્યુ કે ભારતના આઝાદીના ૧૦૦ વર્ષ મનાવશે. ત્યાં સુધી ભારત વિકસીત બની જાય તેવુ લક્ષ્ય બનાવાયુ છે. તેથી જ અત્યારનો કાળ ભારતનો અમૃત કાળ છે.

યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદના આ કાર્યક્રમમાં સામેલ થવુ એ ગર્વની વાત છે. ભારત અને યુએઈના સંબંધ દિવસે દિવસે મજબૂત થઈ રહ્યા છે. તેમનું આ કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર રહેવુ એ ભારત અને યુએઈના દિવસે દિવસે મજબૂત થતા આત્મીય સંબંધોનું પ્રતીક છે. કેટલાક દિવસ પહેલા અમે તેમના વિચાર સાંભળ્યા. ભારત માટે તેમનો વિશ્વાસ, તેમનો સહયોગ, ખૂબ જ ગર્મજોશીથી ભરેલો છે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઈન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારી અને અનુભવો દર્શાવવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બની રહ્યુ છે. આ સમિટમાં ભારત અને યુએઈએ ફૂડ પાર્ક્સના વિકાસ માટે રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે, ઈનોવેટિવ હેલ્થ કેરમાં રોકાણ માટે ઘણા મહત્વપૂર્ણ કરાર કર્યા છે. ઈન્ફ્રાસ્ટ્રકચર માટે યુએઈની કંપનીઓ દ્વારા ઘણા મિલિયન ડોલરના નવા રોકાણ માટે સહમતિ બની છે.

પીએમ મોદીએ જણાવ્યુ કે, ભારત-યુએઈવચ્ચે મહત્વના એમઓયુથયા છે. ભારત-આફ્રિકા વચ્ચેના સંબંધો મજબૂત થયા છે. ભારતનું દરેક ક્ષેત્ર પર ફોકસ રહ્યું છે. જી-૨૦ સમિટમાં આફ્રિકન યુનિયનને સદસ્યતા છે. દેશ દરેક ક્ષેત્રમાં તેજીથી વિકાસ કરી રહ્યો



છે. આ સમિટે નવા આઈડીયાને પ્લેટફોર્મ આપ્યુ છે. ગ્લૉબલ ફ્યુચર માટે ભારતે દુનિયાને રોડમેપ આપ્યો છે. વન વર્લ્ડ, વન ફેમિલી, વન ફ્યૂચરનો સિદ્ધાંત આવશ્યક છે. ભારત વિશ્વ મિત્રની ભૂમિકામાં આગળ વધ્યુ છે. વિશ્વ કલ્યાણ માટે ભારતની પ્રતિબદ્ધા, નિષ્ઠા અને ભારતનો પ્રયાસ છે. વિશ્વ કલ્યાણ માટે ભારતનો પ્રયાસ વિશ્વને સમૃદ્ધ બનાવે છે.


પીએમ મોદીએ સંબોધનમાં આગળ જણાવ્યુ હતુ કે, વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટમાં તમામ લોકોને આવકારુ છે, વાઈબ્રન્ટ ગ્લૉબલ સમિટમાં મોદી મોદી થયુ હતુ. વાઈબ્રન્ટ સમિટના મહેમાનોનો પીએમએ માન્યો આભાર. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ઉદઘાટન કર્યુ અને ગુજરાતને 'વાઈબ્રન્ટ ગિફ્ટ' આપી હતી. આગળના ૨૫ વર્ષના લક્ષ્ય પર ભારતનું કામ ચાલી રહ્યું છે. આઝાદીના ૧૦૦ વર્ષમાં વિકસિત ભારતનું લક્ષ્ય છે. હવેના ૨૫ વર્ષ ભારત માટે અમૃતકાળ રહેશે. નવા સપના, નવા સંકલ્પનો કાર્યકાળ છે. હવેના ૨૫ વર્ષ ભારત માટે ખુબ મહત્વના છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લૉબલ સમિટમાં પીએમ મોદીએ સંબોધન કર્યુ, તેમને સૌથી પહેલા વાઈબ્રન્ટ સમિટમાં પધારેલા તમામ મહેમાનોનું સ્વાગત અને આભાર વ્યક્ત કર્યો હતો. પીએમે કહ્યું કે, મારા ભાઈ યુએઈના રાષ્ટ્રપતિનો આભાર માનુ છે, ભારત-યુએઈવચ્ચે આત્મીય સંબંધ છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ગ્લોબલ પ્લેટફોર્મ છે. ભારત-યુએઈના સંબંધો સતત મજબૂત થયા છે. ૨૫ વર્ષમાં ભારતને વિકસીત બનાવવાનો સંકલ્પ છે. ભારત-યુએઈવચ્ચે મહત્વના એમઓયુથયા છે. સમિટના મહેમાનોનું સ્વાગત કરતાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ કહ્યું છે કે પીએમએ સમિટને માત્ર બિઝનેસ બ્રાન્ડિંગ માટે જ નહીં, પરંતુ બિઝનેસ બોન્ડિંગ માટે પણ તક બનાવી છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ની શરૂઆત વાઈબ્રન્ટ મ્યુઝિક પર્ફોર્મન્સ સાથે થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કર્યું.

વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના પ્રસિડેન્ટ, પ્રધાનમંત્રી સહિતના રાજનેતા અને મંત્રીઓ હાજર રહેવાના છે. સાથે જ ૫૦થી વધુ મહાનુભાવો વાઈબ્રન્ટ સમિટના ઉદ્ધાટન સમારોહમાં ખાસ હાજર રહ્યા. મુકેશ અંબાણી, ગૌતમ અદાણી, લક્ષ્મી મિત્તલ, પંકજ પટેલ, દિલીપ સંઘવી, એન. ચંદ્રશેખરન, ઉદય કોટક, કુમાર મંગલમ બિરલા સહિત દેશની ટોચ કંપનીઓના વડા હાજર રહ્યા. સમિટમાં ૩૪ દેશો અને ૧૬ સંસ્થાઓ ભાગ લીધો છે.











વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં ૧૩૦થી વધારે દેશોના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રીઓ, રાજદૂતો, ડેલિગેટ્સ નોંધપાત્ર સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે યુએઈના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને પોતાના ઉદબોધનમાં આ સમિટમાં સહભાગી થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ચેક રિપબ્લિકના વડાપ્રધાન શ્રી પેટ્ર ફિઆલા, તિમોર-લેસ્ટેના રાષ્ટ્રપતિ શ્રી જોસ રામોસ-હોર્તા, મોઝામ્બિકના રાષ્ટ્રપતિ શ્રી ફિલીપ ન્યૂસી, વિયેતનામના નાયબ વડાપ્રધાન શ્રી ત્રાન લ્યૂ ક્યાંગ, જાપાન આંતરરાષ્ટ્રીય બાબતોના ઉપમંત્રી શ્રી શીન હોસાકા, યુનાઈટેડ કિંગડમના રાજ્યમંત્રી શ્રી લૉર્ડ તારિક અહેમદ, નેપાળના નાણા મંત્રી શ્રી પ્રકાશ શરણ મહત, એસ્ટોનિયાના ઈકોનોમિક અફેર્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી ટીટ રિસાલો, આર્મેનિયાના નાણા મંત્રી શ્રી વહન કેરોબિયન, મોરક્કોના ઉદ્યોગ અને વ્યાપાર મંત્રી શ્રી રીયાદ મેઝ્ઝોરે વગેરે ઉદઘાટન સમારંભમાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.





વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં બિઝનેસમેન અને વિવિધ દેશોના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા.


### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનનું સંબોધન

# ગુજરાતી હોવાનો મને ખૂબ જ ગર્વ છે : મુકેશ અંબાણી

**વિદેશીઓ નવા ભારત વિશે વિચારે છે ત્યારે તેઓ એક નવા ગુજરાત અંગે વિચારે છે : રિલાયન્સના ચેરમેન**

। ગાંધીનગર, તા.૧૦ ।

આજે ગુજરાતના પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિરના કન્વેન્શન હોલમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ થઈ ચૂક્યો છે જેમાં ૩૪ દેશો અને ૧૬ સંસ્થાઓ ભાગ લઈ રહી છે. આ સમિટનું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીના હસ્તે થનાર છે ત્યારે આ પ્રંસગે રાજ્યના મુખ્યંમત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ચ દેવવ્રત સહિત બિઝનેસ પ્રતિનિધિમંડળા, રાજદ્વારીઓ, વીઆઈપી મહાનુભાવો સહિત ૨૫ હજારથી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત છે. આજથી બે દિવસ ચાલનારા ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ



સમિટ ૨૦૨૪નું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીના હસ્તે થનાર છે જેની થીમ ગેટવે ટુ ફ્યુચર છે. આ ઉદ્ઘાટન પહેલા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ સંબોધન કર્યું હતું જેમાં તેમણે કહ્યુ હતું કે એકપણ એવું સમિટ નથી જે આટલા સમય સુધી સતત ચાલતું રહ્યું હોય અને હું એવા કેટલાંક લોકોમાંથી છું જે દરેક સમિટમાં ભાગ લઈ શક્યો છું. આ સિવાય તેમણે ગુજરાતની એક વાક્ય બોલતા કહ્યુ કે ગુજરાતી હોવાનો મને ગર્વ છે. મુકેશ અંબાણીએ પોતાના દિવગંત પિતાને યાદ કરતા જણાવ્યું હતુ કે તેમના પિતા નાનપણમાં કહેતા હતા કે ગુજરાત હંમેશા તમારી કર્મભૂમિ રહેશે. આ સાથે તેમણે કહ્યુ કે, જ્યારે વિદેશીઓ નવા ભારત વિશે વિચારે છે ત્યારે તેઓ એક નવા ગુજરાત અંગે વિચારે છે.

### વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ

# સુઝુકી મોટર કોર્પોરેશન ગુજરાતમાં પ્લાન્ટ સ્થાપશે

**વર્ષના અંત સુધીમાં ગુજરાત પ્લાન્ટમાંથી પ્રથમ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરશે તેમજ નિકાસ કરવાની યોજના**

। ગાંધીનગર, તા.૧૦ ।

આજે ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રારંભ થયો છે જેમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિ તેમજ કંપનીઓના સીઈઓ ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે સુઝુકી મોટર્સના પ્રમુખ તોશિહિરો સુઝુકી એ મોટા રોકાણની જાહેરાત કરતા જણાવ્યું હતું કે સુઝુકી મોટર કોર્પોરેશનનો એક વિશાળ પ્લાન્ટ ગુજરાતમાં સ્થાપશે. વાઈબ્રન્ટ સમિટમાં સંબોધન કરતી વખતે તેમણે કહ્યું હતું કે આ વર્ષના અંત સુધીમાં ગુજરાત પ્લાન્ટમાંથી પ્રથમ ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરશે તેમજ આ મોડલને ફક્ત ભારતમાં જ નહીં પણ જાપાન અને યુરોપિયન દેશોમાં પણ નિકાસ કરવાની યોજનાની રૂપરેખા આપી હતી.

આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે ગુજરાતના નવા પ્લાન્ટમાંથી ૩,૨૦૦ કરોડનું રોકાણ કરશે જે દર વર્ષે ૨.૫ લાખ યુનિટનું ઉત્પાદન કરી શકે છે. આ સાથે જ સુઝુકી મોટરની ગુજરાતની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા વર્તમાન ૭.૫ લાખથી વધીને ૧ મિલિયન યુનિટ થઈ જશે.

## ન્યુઝ બોક્ષ

### રામેશ્વરમથી અયોધ્યા સુધી રામોત્સવ યાત્રા યોજાશે

। (એજન્સી) અયોધ્યા, તા.૧૦ ।

અયોધ્યા રામ મંદિરના અભિષેક સમારોહનો જશ્ન મનાવવા માટે એક ધાર્મિક રેલી રામોત્સવ યાત્રા શરૂ થવાની છે. રામોત્સવ યાત્રા પહેલા દક્ષિણમાં રામેશ્વરમની યાત્રા કરશે. ૫૦૦થી વધુ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ આ યાત્રામાં જોડાશે. તે ભગવાન રામ દ્વારા વનવાસ બાદ તમિલનાડુના રામેશ્વરમથી તેમના રાજ્ય અયોધ્યા પરત ફરવા માટે લીધેલા માર્ગ પર એક મહિનાની ૪૫૦૦ કિમી લાંબી મુસાફરી કરવા માટે તૈયાર છે. રામોત્સવ યાત્રાના આયોજકો મુજબ, આ પાંચ રાજ્યો તમિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશને કવર કરશે. રામોત્સવ યાત્રા દળમાં સામેલ અપૂર્વ સિંહે તાજેતરની મુલાકાતમાં જણાવ્યું હતું કે એક મહિના સુધી ચાલનારી આ યાત્રા ૧૪ જાન્યુઆરીએ મધ્યપ્રદેશના ઈન્દોરથી શરુ થશે. આયોજક ટીમના એક અન્ય પ્રમુખ સદસ્ય મલય દીક્ષિતએ જણાવ્યું કે ૫૦૦થી વધુ ઈન્ફ્લુએન્સર્સ, ઈન્સ્ટાગ્રામર્સ, યૂટ્યૂબર્સ, બ્લોગર્સ, રમત અને બોલિવુડ સેલેબ્સ યાત્રામાં ભાગ લેશે.

### મૈત્રી કરારમાં રહેતી પ્રેમિકાના હાથે પ્રેમીની હત્યા

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।

ભાવનગર જિલ્લાના ભાલપંથક વિસ્તારમાં આવેલ કાળાતળાવ ગામ નજીક આવેલી નિરમા ફેક્ટરીના પ્રવેશ દ્વારે મૈત્રીકરાર કરી સાથે રહેતી યુવતીએ તેના પ્રેમીની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરતા સનસનાટી મચી જવા પામી હતી. આ ઘટનામાં પોલીસે હત્યારી પ્રેમિકાની વેળાવદર ભાલ પોલીસે અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર, સિહોર તાલુકાના ગુંદાળા ગામનો વિપુલ ચંદુલાલ ચાવડા થોડા વર્ષોથી કાળાતળાવ ગામ નજીક આવેલી નિરમા ફેક્ટરીમાં ડ્રાઈવર તરીકે કામ કરતો હતો અને આ યુવાનને ભાલપંથકમાં આવેલા નર્મદ ગામની ડિવોર્સી (છૂટાછેડા) સોનલ ઉર્ફે સોની દિલીપ સોલંકી સાથે પરિચય થતા બંને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા અને આજથી પાંચ વર્ષ પહેલાં બન્ને મૌખિક મૈત્રીકરાર કરી નિરમા ફેક્ટરી પાસે જ ઝુંપડુ બાંધી સાથે રહેતા હતા. આ દરમિયાન બંને પ્રેમી વચ્ચે અવારનવાર નાના-મોટા ઝઘડા થતા હોતા. જેમાં વિપુલ સોનલને મારકૂટ કરી પૈસા માંગતો હતો, સોનલ ખાડીમાં માછીમારી કરી ઘર સંસાર ચલાવતી હતી. આજ રોજ પ્રેમી-પ્રેમીકા વચ્ચે પૈસા મામલે ઉગ્ર ઝઘડો થતા આવેશમાં આવી સોનલે છરી વડે વિપુલની છાતીમાં એક ઘા ઝીંકી દેતા વિપુલ સ્થળ પર જ ફસડાઈ પડ્યો હતો. આ બનાવની જાણ વેળાવદર ભાલ પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તે દરમિયાન ૧૦૮ પણ આવી પહોંચતા મેડિકલ સ્ટાફે વિપુલને તપાસી મૃત જાહેર કર્યો હતો.

# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં સહભાગી થવા પધારેલા વિયેતનામના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ટ્રાન લુ ક્વેંગનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરાયું







વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં ભાગ લેવા ગુજરાત પધારેલા વિયેતનામના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ટ્રાન લુ ક્વેંગનું અમદાવાદ એરપોર્ટ પર ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્યના ચીફ પ્રોટોકોલ ઓફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. સહિતના મહાનુભાવોએ વિયેતનામના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરને આવકાર્યા હતા. આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક જૂથો દ્વારા ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી રજૂ કરીને વિયેતનામના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટરને આવકારવામાં આવ્યા હતા.

### ઉત્તરાયણ પહેલા માવઠાનો માર

## ડભોઈમાં વરસાદને કારણે પંડાલમાં પાણી ભરાતા પતંગના વેપારીઓ ચિંતામાં



। અમદાવાદ, તા.૧૦ ।

ઉત્તરાયણ પહેલા વરસાદે પતંગના વેપારીઓની ચિંતા વધારી છે. વડોદારા ડભોઈ અને શિનોર પંથકમાં પતંગ બજારમાં વેપારીઓના પંડાલમાં પાણી ભરાયાં હતા. ડભોઇ નગરના અચાનક વરસાદ શરૂ થતા પતંગ અને દોરીના વેપારીઓ દોડતા થયા હતા. અચાનક પડેલા વરસાદને કારણે મોટા પાયે નુકશાન થયું છે. તો શિનોરમાં સાધલીમાં કમોસમી વરસાદીથી પતંગ બજારમાં સન્નાટો છવાયો છે. પતંગ બજારમાં પતંગ દોરીની દુકાનો લઈ બેઠેલા દુકાન ધારકો પોતાની દુકાનો ખાલી કરવા મજબુર બન્યા છે. પતંગો પલડી જતા વેપારીઓને માથે આભ તૂટ્યું હતું. ઉતરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે વરસાદ પડ્યો છે. માંડ આજથી ઘરાકી શરૂ થઈ અને વરસાદે પતંગ બજારમાં પાણી ફેરવી નાખ્યું હતું. વેપારીઓને રાતાપાણી રોવાનો વારો આવ્યો છે. ડભોઇ પંથકમાં વરસાદનું જોર વધ્યું છે. તાલુકાના મંડાળા, મોટા હબીપુરા, શિનોર ચાર રસ્તા સહિત વિસ્તારમાં ભારે વરસાદી માહોલ છે. રોડ રસ્તા પાણી પાણી થયા છે.ખેડૂતોની ચિંતામાં થયો વધારો છે. ભર શિયાળે માવઠું વરસતા કપાસ, ડાંગર, દિવેલા, તુવેર પકવતાં ખેડૂતો મૂંઝવણમાં મુકાયા છે. પંથકના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ભર શિયાળે વરસાદી માહોલ છવાયો છે. વડોદરા ના શિનોર તાલુકામાં વરસાદી માહોલ છે. શિનોર તાલુકામાં દિવસભર વાદળછાયું વાતાવરણ બન્યું હતું. આખા દિવસભર સુરજ દાદાના દર્શન દુર્લભ હતા. શિનોરના સાધલીમાં કમોસમી વરસાદી છાંટા પડતા પતંગ બજારમાં સન્નાટો છવાયો છે.

## શેત્રુંજી ડેમમાં ૩૧ ફૂટ ૭ ઇંચ પાણીનો જથ્થો ઉપલબ્ધ

। (એજન્સી) ભાવનગર, તા.૧૦ ।

ભાવનગર જિલ્લામાં રવિ પાક અને ઉનાળુ પાકની વાવણી માટે ખેડૂતો આગીમી ૮ મહિના શેત્રુંજી ડેમમાંથી પાણી મેળવી શકશે. આ વર્ષે સારો વરસાદ થતા ડેમમાં પાણીની સારી આવક થઈ હતી. ડેમના પાણીથી આ વર્ષે તળાજા, મહુવા, ઘોઘા, સહિતની ૧૧,૫૦૦ હેક્ટર જમીનમાં નહેર મારફતે પાણી પહોંચાડવામાં આવ્યું હતું. ભાવનગર જિલ્લાના પાલીતાણામાં શેત્રુંજી ડેમ આવેલો છે. આ ડેમની ઊંચાઈ ૩૨.૦૨ મીટરની છે. ડેમનું બાંધકામ ૧૯૫૫માં કરવામાં આવ્યું હતું. ડેમમાં ૫૯ દરવાજા લગાવવામાં આવ્યા છે. શેત્રુંજી નદી પર પાલીતાણા નજીક રાજસ્થળી ગામે બંધ આવેલો છે. સિંચાઇ વિભાગના કાર્યપાલક ઈજનેર એ.એમ. બાલધીયાનાં જણાવ્યા મુજબ હાલ શેત્રુંજી ડેમમાં ૩૧ ફૂટ ૭ ઈંચ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. તળાજા, મહુવા, ઘોઘા, સહિત ની ૧૧,૫૦૦ હેક્ટર જમીનમાં નહેર મારફતે પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં હાલ પાણીનો પૂરતો જથ્થો હોવાથી ખેડૂતો શિયાળો અને ઉનાળુ પાક સારી રીતે લઈ શકે છે.

### ખેડૂતોમાં ચિંતાનો માહોલ

## સુરત, વડોદરા, પંચમહાલના અનેક વિસ્તારોમાં માવઠું

। (એજન્સી) વડોદરા, તા.૧૦ ।


રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ભરશિયાળામાં માવઠું થવાની આગાહી કરી હતી. આ આગાહી વચ્ચે મંગળવાર રાતથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરા, શિનોરસ પાવાગઢ, વલસાડ, દાહોદ, સુરત, નવસારીના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. જ્યારે અનેક વિસ્તારોમાં આજે સવાર સુધીમાં સામાન્ય વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યા બાદ કપરાડા અને ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ભર શિયાળે વરસાદથી ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. દિવસભર વાદળછાયું વાતાવરણ છવાયુ હતુ જોકે, છેલ્લા બે દિવસથી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. મંગળવારે સવારે પણ ઉમરગામ વાપી સહિત જિલ્લાના અન્ય કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સુરતના ઓલપાડ તાલુકાનાં કેટલાક વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ પડ્યા હતા. હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી આપી હતી જેના પગલે ઓલપાડ તાલુકામાં મોડી સાંજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ઓલપાડનાં સોંદામીઠાં ટકારમાં ભટગામ સહિતનાં વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ થયા હતા. નવસારી જિલ્લામાં માવઠું થયુ હતુ. બિલીમોરામાં મોડી રાત્રે કમોસમી વરસાદ ખાબક્યો હતો. બિલીમોરાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાતા ભરશિયાળે વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતની સાથે વડોદરા શહેરમાં પણ વરસાદનું આગમન થયુ હતુ. આજે વહેલી સવારે વરસાદી માવઠાને પગલે વાતાવરણ ઠંડુગાર બન્યુ હતુ. વરસાદી માવઠાને પગલે શહેરીજનો વિમાસણમાં મુકાયા હતા કે, ગરમ વસ્ત્રો પહેરવા કે પહેરવો રેઈનકોટ? વહેલી સવારે નોકરીયાત વર્ગ અને સ્કુલ કોલેજ જતા વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી માવઠાને પગલે ઉભા પાકને પણ નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરાના શિનોર પંથકમાં એકાએક વાતાવરણમાં આવ્યો પલટો હતો. શિનોરના તરવા, કુકશ સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ પ્રસર્યો હતો. કમોસમી વરસાદ વરસતાની સાથે જ વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. વીજળી ગુલ થતાં તરવા,કુકશ સહિતના ગામોમાં અંધારપટ છવાયો હતો. યાત્રાધામ પાવાગઢમાં પણ વરસાદ વરસ્યો હતો. ત્યાં વરસાદની વચ્ચે સવારે ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. ધુમમ્સ અને વાદળ જાણે માતાજીના મંદિર પરિસરમાં ભક્તોનું સ્વાગત કરતાં હોય એવો અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો.

### મહેસાણા બાયપાસ હાઇવે નજીક આવેલા બ્રિજ પરની ત્રણથી ચાર ચેનલો ખસી ગઇ છે

## બ્રિજ પર ગાબડા પડતાં પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે ઉઠાવ્યા સવાલો

। (એજન્સી) મહેસાણા, તા.૧૦ ।

રાજ્યમાં રોડ અને રસ્તાની ફરિયાદ ફરી એકવાર ઉઠી છે, મહેસાણામાં એક બાયબાસ બ્રિજ પર મોટા મોટા ગાબડાં પડતા વાહન ચાલકો અને સ્થાનિકો હેરાન પરેશાન થયા છે. મહેસાણા બાયપાસ હાઈવે નજીક આવેલા બ્રિજ પરની ત્રણથી ચાર ચેનલો ખસી ગઈ છે, જેના કારણે રોડ અને ચેનલો વચ્ચે અડધો ફૂટ જેટલી જગ્યા પડી ગઈ છે, આને હવે તાત્કાલિક ધોરણે રિપેર કરવાની માંગ ઉઠી છે.



આ મામલે પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે પણ તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, મહેસાણા રોડ અને રસ્તાની બિસ્માર હાલ પર હવે રાજકારણીઓ પણ ખુલીને બોલી રહ્યા છે, શહેરમાં એક બાયપાસ રોડ પરના બ્રિજ ચેનલો ખુલ્લી પડી જતાં સ્થાનિક નેતા અને પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે તંત્ર સામે સવાલો કર્યા છે. ખરેખરમાં વાત એમ છે કે, મહેસાણામાં આવેલા બાયપાસ રોડ પર રાજવી ફાર્મ નજીકના એક બ્રિજ આવેલો છે જેની હાલત એકદમ બદતર થઈ ગઈ છે, હાલમાં આ બ્રિજ પરની બેથી ત્રણ ચેનલો ખુલ્લી પડી ગઈ છે, રોડ અને ચેનલો વચ્ચે લગભગ અડધા ફૂટ જેટલી જગ્યા પડી ગઈ છે. ચેનલથી જોડાયેલા બે રોડ વચ્ચે ૬ થી ૭ ઈંચની ગેપ પડી ગઈ છે, જેના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવવાનો ભય છે. હાલમાં આ બ્રિજ ઉપર કુલ ૨૦ ચેનલો આવેલી છે. તમામ ચેનલ અને રોડ અલગ થઈ ગયો છે. આમાં પણ ત્રણ ચેનલો એવી છે જેમાં રોડ અને ચેનલ વચ્ચે અડધો ફૂટ કરતા વધુ અંતર પડી ગયુ છે. આ બ્રિજને લઈને હવે સવાલો ઉભા થઈ રહ્યાં છે.

**વિશેષ** જનરલ હોસ્પિટલના એસ.એન.સી.યુ. વિભાગમાં છેલ્લા બે માસ દરમિયાન ૫૧ બાળકોને અપાઈ શ્રેષ્ઠ સારવાર

# આણંદના ગરીબ દંપતીના નવજાત બાળકને નવજીવન આપતી આણંદની જનરલ હોસ્પિટલ

। (માહિતી) આણંદ ।





રાજ્યના આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ કાર્યરત સરકારી જનરલ હોસ્પિટલ, આરોગ્યકેન્દ્રો દ્વારા નાગરિકોના આરોગ્ય માટે સતત સેવાકિય કાર્ય કરવામાં આવી રહ્યું છે. રાજ્યભરમાં નાગરિકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવામાં સરકારી આરોગ્ય કેન્દ્રો મહત્વનો ભાગ ભજવી રહ્યાં છે. ખાનગી હોસ્પિટલોમાં થતા ખર્ચની સામે લોકોને વિનામૂલ્યે શ્રેષ્ઠ સારવાર આપતા સરકારી દવાખાનાઓમાં આજે મોટા પ્રમાણમાં લોકો તેમની સારવાર માટે આવી રહયાં છે, જેનું એકમાત્ર કારણ છે સરકાર દ્વારા પ્રજાની આરોગ્ય સુખાકારી અર્થે લેવાતા નિર્ણયો અને સુવિધાઓનું આરોગ્ય વિભાગ દ્વારા થતું અસરકારક અમલીકરણ.

આણંદ ખાતેની જનરલ હોસ્પિટલ આરોગ્ય વિભાગની અસરકારક કામગીરીનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડે છે. હોસ્પિટલના સીડીએમઓશ્રી ડૉ. અમર પંડ્યાના માર્ગદર્શન હેઠળ હોસ્પિટલમાં તાજેતરમાં શરૂ થયેલા એસ.એન.સી.યુ. વિભાગના ડોકટર્સ અને આરોગ્ય કર્મીઓ દ્વારા નવજાત બાળકને ઓછા વજન અને ઈન્ફેકશન જેવા જોખમો સામે તાત્કાલિક સુદ્રઢ સારવાર આપીને નવજીવન આપવામાં આવે છે.

આણંદના સલાટીયા વિસ્તારમાં રહેતાં ૨૧ વર્ષીય જમનાબેન પરમારને ૧૭ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ નોર્મલ પ્રસુતિ થઈ હતી પરંતુ તેમના બાળકનું વજન ખૂબ જ ઓછું હતું અને બાળક યોગ્ય રીતે શ્વાસ લઈ શક્તું ન હતું જેથી તેની તબિયત અસ્વસ્થ જણાતાં જમનાબેન અને તેમના પતિ ગભરાઈ ગયા હતા. આણંદના જનરલ હોસ્પિટલમાં એસ.એન.સી.યુ. વિભાગ હેઠળ નવજાત જન્મેલા બાળકોને સારવાર આપવામાં આવે છે તેની જાણ થતાં જ જમનાબેન અને તેમના પતિ પોતાના નવજાત બાળકને લઈને જનરલ હોસ્પિટલ, આણંદ ખાતે દોડી આવ્યા હતા જ્યાં તેમના બાળકને હોસ્પિટલ એસ.એન.સી.યુ. (સીક ન્યુ બોર્ન કેર યુનીટ) વિભાગમાં દાખલ કરવામાં આવ્યું.

જનરલ હોસ્પિટલ ખાતે પીડીયાટ્રીશીયન તરીકે સેવા આપતાં ડૉ. જયકિશન ગોયલ અને રેસીડેન્ટ ડૉ. નીલી મહેતા દ્વારા સિપેપ ની પ્રક્રીયા હાથ ધરી નવજાત બાળકને વેન્ટીલેટર દ્વારા શરૂઆતના ૫ દિવસ સુધી ઓક્સિજન આપવામાં આવ્યો હતો. ત્યારબાદ કાંગારૂ મધરની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી જે માટેની વ્યવસ્થા હોસ્પિટલના એસ.એન.સી.યુ. વિભાગમાં ખાસ રીતે કરવામાં આવી છે. જેના કારણે જમનાબેનના નવજાત બાળકના વજનમાં વધારો થયો અને બાળકને શ્વાસ લેવામાં જે સમસ્યા થઈ રહી હતી તેને દૂર કરી નવજીવન આપી બચાવી લેવામાં આવ્યું હતું. જનરલ હોસ્પિટલ ખાતે ૨૨ થી વધુ દિવસ સુધી નવજાત બાળકને તમામ સારવાર પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ વિનામૂલ્યે આપવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં આ પ્રકારની સારવાર અને સુવિધા માટે અંદાજિત ૪ લાખ રૂપિયાનો ખર્ચ આવતો હોય છે ત્યારે આણંદની જનરલ હોસ્પિટલ દ્વારા જમનાબેનના નવજાત બાળકને વિનામૂલ્યે શ્રેષ્ઠ સારવાર મળવાથી તેમનું બાળક આજે સ્વસ્થઅનેતંદુરસ્તછેતેમાટેજમનાબેનઅનેતેમનાપતિ વિપુલભાઈ જનરલ હોસ્પિટલ, આણંદની ડોકટર્સની ટીમ પ્રત્યે આભાર વ્યક્ત કરતા ભાવવિભોર બન્યાં હતા.

ઉલ્લેખનીય છે કે આણંદ જનરલ હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડૉ. અમર પંડયાના માર્ગદર્શન હેઠળ એસ.એન.સી.યુ. વિભાગમાં ૧૦ બેડની વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં નવજાત બાળકોની સારવાર માટે જરૂરી સિપેપ પ્રક્રીયા, કાંગારૂ મધર પ્રક્રીયા, વેન્ટિલેટરની સુવિધા સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઈ છે. આ વિભાગ દ્વારા છેલ્લા બે માસ દરમિયાન ૫૧ જેટલા નવજાત બાળકોની સારવાર કરવામાં આવી છે. આ પૈકી ૪૬ બાળકોની પ્રસુતિ હોસ્પિટલ ખાતે જ કરવામાં આવી હતી. નોંધનીય છે કે જનરલ હોસ્પિટલ આણંદના એસ.એન.સી.યુ. વિભાગ ખાતે યોગ્ય સાર-સંભાળ અને સારવાર થકી નવજાત બાળકોને શ્રેષ્ઠ ચિકિત્સા પૂરી પાડવામાં ડૉ. જયકિશન ગોહેલ, ડૉ. નીલી મહેતા, કુસુમબેન, દિપ્તીબેન અને આરોગ્ય અને સફાઇ કર્મીઓ દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવે છે. જેના લીધે આણંદની સરકારી જનરલ હોસ્પિટલ જનસેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ બની છે.

**ન્યૂઝ બ્રિફ**

### સ્વદેશી માનવરહિત ડ્રોન નૌસેનામાં સામેલ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારતીય નૌસેનાના વડા એડમિરલ આર.હરિકુમારે હૈદરાબાદમાં દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોનનું અનાવરણ કર્યું હતું. આ માનવરહિત ડ્રોન (યુએવી)ને નૌસેનામાં સામેલ કરાશે. દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર ડ્રોન અત્યાધુનિક યુએવીયુદ્ધમાં અનુકૂળ આવે તેવું અને સ્વદેશી એડવાન્સ્ડ એરિયલ ટેક્નિકથી સજ્જ છે. આ ડ્રોન ૩૬ કલાક એન્ડ્યોરેન્સ, ૪૫૦ કિલોગ્રામ પેલોડ ક્ષમતા ધરાવતું ઈન્ટેલિજન્સ અને સર્વેઈલન્સ (આઈએસઆર) પ્લેટફોર્મ છે. આ એકમાત્ર સૈન્ય પ્લેટફોર્મ છે જે તમામ ઋતુમાં બંને હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરી શકે છે. કંપનીએ કહ્યું છે કે નૌસેનાના સમુદ્ર અભિયાનોમાં સામેલ થવા માટે આ ડ્રોન હૈદરાબાદથી પોરબંદર સુધી ઉડાન ભરશે. ભારતમાં સંપૂર્ણપણે સ્વદેશી રીતે તૈયાર કરાયેલું દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનરને નૌસેનાનું સોંપી દેવાયું છે. તે દેશમાં બનાવાયેલું પહેલું યુએવી દૃષ્ટિ ૧૦ સ્ટારલાઈનર છે. આ પ્રસંગે એડમિરલ આર. હરિકુમારે કહ્યું કે 'આ એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે. આ આઈએસઆર ટેક્નોલોજી અને સમુદ્રી વર્ચસ્વમાં આત્મનિર્ભરતાની દિશામાં એક ક્રાંતિકારી પગલું છે.

### મુંડન કરાવવું હતું તો સલુનમાં જવું હતું, તિરૂપતિ કેમ ગયા

। (એજન્સી) પટના, તા.૧૦ ।

બિહારમાં સનાતન મુદ્દે ફરી રાજકીય ધમાસાણ શરૂ થયું છે. રાજદ નેતા અને બિહારના શિક્ષણ મંત્રી ચંદ્રશેખર યાદવે મંદિર અંગે ટિપ્પણી કરતા માહોલ ગરમાયો છે. ધમાસાણ વચ્ચે નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે અગાઉ એક જાહેર સભામાં કહ્યું હતું કે, 'બીમાર પડશો તો હોસ્પિટલ જશો કે મંદિર.', જોકે તેઓ પોતે જ પોતાના નિવેદનમાં ફસાયા છે. તેમની ટિપ્પણી બાદ ભાજપે લાલુ પરિવારની તાજેતરની તસવીરને હથિયાર બનાવી લીધી છે અને તેજસ્વી પર કટાક્ષ કરવાનું શરૂ કરી દીધું છે. ભાજપ ઓબીસી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી ડૉ.નિખિલ આનંદે તેજસ્વી યાદવ અને ચંદ્રશેખરને આડે હાથ લઈ કહ્યું કે, 'ચંદ્રશેખર કન્ફ્યૂઝ્ડ વ્યક્તિ છે, તેઓ થેથરોલૉજી પ્રોફેસર છે. ભગવાન શ્રીરામ-શ્રીકૃષ્ણનું મંદિર અયોધ્યા-મથુરામાં નહીં, તો શું જેરુસલેમમાં બનશે?' નિખિલે એમ પણ કહ્યું કે, 'બિહારના શિક્ષણમંત્રી મૂંઝવણના શિકાર, મૂર્ખ અને વાહિયાત વ્યક્તિ છે. ચંદ્રશેખરમાં જ્ઞાનની કમી છે અને પોતાના રાજકીય ગુરુની જેમ જ કન્ફ્યૂઝ્ડ છે. નિખિલે ટિપ્પણી કરવા ઉપરાંત એક તસવીર પણ ટ્વિટ કરી છે, જેમાં લાલુ પરિવાર મુંડન કરાવ્યા બાદ તિરુપતિ મંદિરની બહાર જોવા મળી રહ્યો છે. તેજસ્વી યાદવે થોડા દિવસે પહેલા આ તસવીર ટ્વિટ કરી હતી.

શિંદે જૂથના ધારાસભ્યો સંદર્ભે અધ્યક્ષનો ચુકાદો

# મહારાષ્ટ્રમાં શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોની માન્યતા અકબંધ

**ઉદ્ધવ ઠાકરેએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યા બાદ મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષને ચુકાદા માટે કહ્યું હતું**

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।



શિવસેના ધારાસભ્યની ગેરલાયકાતનો ચુકાદો લાઈવઃ વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગેનો તેમનો ચુકાદો આપી દીધો છે. શિંદે જૂથના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા પર નિર્ણય લેવામાં આવ્યો છે. લગભગ દોઢ વર્ષ પહેલા મહારાષ્ટ્રમાં શિવસેનામાં બળવો થયો હતો, ત્યારબાદ શિવસેનાના ઉદ્ધવ જૂથે મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત તેમના જૂથના ૩૯ બળવાખોર ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. હવે ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા પર નિર્ણય લેવાનો હતો.

અહીં, શિંદે જૂથ ઉદ્ધવ ઠાકરે જૂથના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા માટે સુપ્રીમ કોર્ટમાં પણ ગયો હતો. તેના પર સુપ્રીમ કોર્ટે અયોગ્યતાનો નિર્ણય વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને સોંપ્યો હતો. મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર આજે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને તેમના જૂથના ધારાસભ્યો વિરુદ્ધ ગેરલાયકાતના કેસમાં ચુકાદો આપ્યો છે. લગભગ ૧૮ મહિના પહેલા શિંદે સહિત ૩૯ ધારાસભ્યોએ તત્કાલિન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ બળવો કર્યો હતો, જેના કારણે ૫૭ વર્ષ જૂની પાર્ટી શિવસેનામાં ભાગલા પડ્યા હતા અને મહાવિકાસ અઘાડીની સરકાર પડી ગઈ હતી. આ ઘટના બાદ બંને જૂથોએ એકબીજાના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માગણી કરતી અરજીઓ કરી હતી.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભાજપની ઈવેન્ટ

# સોનિયા-ખડગે અને અધિર રંજન અયોધ્યા નહીં જાય

**વર્ષોથી ભાજપ અને આરએસએસએ અયોધ્યામાં રામ મંદિરને રાજકીય પ્રોજેક્ટ બનાવી દીધો હોવાનો આક્ષેપ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।



અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતાઓની ભાગીદારી અંગે ચાલી રહેલી અટકળો અને તણાવનો અંત આવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ આ સમગ્ર કાર્યક્રમને આરએસએસ અને ભાજપની ઈવેન્ટ ગણાવ્યો છે. કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે સોનિયા ગાંધી કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આ કાર્યક્રમમાં હાજરી આપશે નહીં. આ સાથે લોકસભામાં વિપક્ષના નેતા અધીર રંજન પણ ભાગ લેશે નહીં. આ નેતાઓએ રામ મંદિરના અભિષેકને લગતા આમંત્રણને ફગાવી દીધું છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક નિવેદન જારી કરીને કહ્યું કે, "ગયા મહિને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં કોંગ્રેસ સંસદીય દળના નેતા અધીર રંજન ચૌધરીને અયોધ્યામાં રામ મંદિરના ઉદ્દ્ઘાટન માટે આમંત્રણ મળ્યું હતું. કરોડો ભારતીયો ભગવાન રામની પૂજા કરે છે. ધર્મ એ માણસની અંગત બાબત રહી છે, પરંતુ વર્ષોથી ભાજપ અને આરએસએસએ અયોધ્યામાં રામ મંદિરને રાજકીય પ્રોજેક્ટ બનાવી દીધો છે. તેમણે વધુમાં કહ્યું કે, "એ સ્પષ્ટ છે કે અર્ધ-નિર્મિત મંદિરનું ઉદ્દ્ઘાટન માત્ર ચૂંટણીલક્ષી લાભ મેળવવા માટે કરવામાં આવી રહ્યું છે. માનનીય સર્વોચ્ચ અદાલતના ૨૦૧૯ના નિર્ણયને સ્વીકારીને અને લોકોની આસ્થાને માન આપીને, મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, અધીર રંજન ચૌધરીએ આ કાર્યક્રમ માટે ભાજપ અને આરએસએસના આમંત્રણનો આદરપૂર્વક અસ્વીકાર કર્યો.




**સ્પિનર રાશિદ ખાન વિના પણ તેમની ટીમ ઘણી મજબૂત હોવાનો ટીમના સુકાની ઇબ્રાહિમ ઝાદરાનો દાવો**

ટી૨૦ શ્રેણી પહેલાં અફઘાનિસ્તાનની ટીમને આંચકો

# ઈજાને લીધે અફઘાનિસ્તાનનો સ્પિનર રાશિદ ખાન ભારત સામે નહીં રમે

। નવી દિલ્હી, તા.૧૦ ।

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચોની ટી૨૦આઈસીરિઝની શરૂઆત આવતીકાલથી થવાની છે. પરંતુ આ પહેલા અફઘાનિસ્તાન ટીમને એક મોટો ઝટકો લાગ્યો છે. ટીમનો સ્ટાર સ્પિનર રાશિદ ખાન આ સીરિઝમાંથી બહાર થઈ ગયો છે. અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન ઈબ્રાહિમ ઝાદરાને આજે આ વાતની પુષ્ટિ કરી હતી.

રાશિદ ખાનની થોડા મહિના પહેલા કમરના નીચેના ભાગની સર્જરી થઈ હતી. તે ટીમ સાથે ચંડીગઢ પહોંચ્યો અને ટ્રેનિંગ પણ કરી હતી. જો કે સીરિઝ શરુ થવાના એક દિવસ પહેલા અફઘાનિસ્તાનના કેપ્ટને જણાવ્યું કે, 'રાશિદ સંપૂર્ણ રીતે ફિટ નથી. ટીમમાં વાપસી માટે તેને હજુ સમય લાગશે. ભારતમાં વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પોતાના પ્રદર્શનથી સૌને ચોંકાવનારી અફઘાનિસ્તાનની ટીમ ઉત્સાહમાં છે અને તેને આ ફોર્મેટ ગમે પણ છે. ટીમમાં મુજીબ ઝાદરાન, નવીન ઉલ હક અને ફઝલહક ફારૂકી જેવા મહાન ખેલાડીઓ પણ છે.

અફઘાનિસ્તાન ટીમના કેપ્ટનનું માનવું છે કે રાશિદ ખાન વિના પણ તેમની ટીમ ઘણી મજબૂત છે. તેણે કહ્યું, 'રાશિદ સિવાય એવા પણ ખેલાડીઓ છે જેમના ઉપર અમને પૂરો વિશ્વાસ છે.

હું જાણું છું કે તેઓ સારું ક્રિકેટ રમશે. રાશિદની ગેરહાજરીમાં અમને મુશ્કેલી થશે કારણ કે તેનો અનુભવ અમારા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. જો કે આ ક્રિકેટ છે અને અહિંયા અમારે દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડે છે.'

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિની અપીલ

# યુદ્ધ રોકવા ઈઝરાયેલ-હમાસ વાતચીતનો રસ્તો અપનાવે

**યુદ્ધમાં નિર્દોષ નાગરિકોના ભોગ લેવાયા છે, આ પ્રકારના માનવીય સંકટનો સ્વીકાર કરી જ ના શકાય : રુચિરા કંબોજ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ગત વર્ષની સાત ઓક્ટોબરથી શરૂ થયેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધને લઈને દુનિયાભરના દેશ શાંતિની અપીલ કરી રહ્યા છે. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે કહ્યું છે કે 'આ યુદ્ધમાં અનેક નિર્દોષ નાગરિકોના ભોગ લેવાયા છે. આ પ્રકારના માનવીય સંકટનો સ્વીકાર કરી જ ના શકાય. જો કે, ભારત પણ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સનો દૃષ્ટિકોણ રાખે છે.' આ યુદ્ધના કારણે ઈઝરાયલ અને ગાઝાના સામાન્ય નાગરિકો (ખાસ કરીને મહિલાઓ અને બાળકો)ના મોત થયા છે, જેના કારણે અત્યંત જોખમી માનવીય સંકટ સર્જાયું છે. સાતમી ઓક્ટોબરે ગાઝાના આતંકી સંગઠન હમાસે ઈઝરાયલ પર પાંચ હજાર રોકેટ ઝીંક્યા હતા. ત્યાર પછી જવાબી કાર્યવાહીમાં ઈઝરાયલે હમાસના અનેક ઠેકાણે હુમલા કર્યા હતા. ત્યારથી બંને પક્ષે ભારે ખુવારી થઈ રહી છે, જેમાં હજારો મહિલાઓ વિધવા થઈ છે અને બાળકો અનાથ થયા છે. પશ્ચિમ એશિયામાં વર્તમાન સ્થિતિ પર યુએન જનરલ એસેમ્બલીની બેઠકમાં રુચિરા કંબોજે ગાઝામાં માનવીય મદદ વધારવા માટે ભારતના પ્રયત્નોની જાણકારી આપી હતી.

વચગાળાના બજેટમાં આ વધારાની જાહેરાત કરવામાં આવી શકે છે

# મહિલા ખેડુતને વર્ષે મળશે ૧૨ હજાર, ટૂંક સમયમાં થશે જાહેરાત

**દેશના ૧૧ કરોડ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે, આ યોજના દ્વારા નવેમ્બર સુધી ૧૫ હપ્તામાં ૨.૮૧ લાખ કરોડનું વિતરણ કરવામાં આવ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

દેશમાં આ વર્ષે લોકસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે પહેલા મહિલા ખેડૂતોને મોટા સમાચાર મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા ખેડૂતોને આપવામાં આવતી વાર્ષિક સન્માન નિધિને બમણી કરવા જઈ રહ્યા છે. જો આમ થશે તો મહિલા ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે ૧૨,૦૦૦ રૂપિયા મળશે. હાલમાં દેશભરના ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા સન્માન નિધિ તરીકે આપવામાં આવે છે. રોઈટર્સે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં સન્માન નિધિને બમણી કરવાની જાહેરાત કરી શકે છે. આ સાથે સરકારને સામાન્ય ચૂંટણીમાં મહિલા મતદાતાઓનું ભારે સમર્થન મળી શકે છે. સૂત્રોને ટાંકીને આ અહેવાલ મુજબ ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા વચગાળાના બજેટમાં આની જાહેરાત કરવામાં આવનાર છે. આ નિર્ણયથી સરકાર પર લગભગ ૧૨ હજાર કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. પીએમ મોદીએ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા કિસાન સન્માન નિધિ (પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ) આપવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં દેશના ૧૧ કરોડ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ યોજના દ્વારા નવેમ્બર સુધી ૧૫ હપ્તામાં ૨.૮૧ લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે.

મણિપુર સરકારે કોંગ્રેસની દરખાસ્ત રદ કરી

# મંજૂરી ન મળવા છતાં કોંગ્રેસ ભારત જોડો ન્યાય યાત્રા ઈમ્ફાલથી જ શરૂ કરશે

**ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડમાં મંજૂરી ન આપી સ્થાનિક સરકાર યાત્રાથી ડરી રહી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ**

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૧૦ ।

મણિપુરના ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડથી ૧૪ જાન્યુઆરીએ 'ભારત જોડો ન્યાય યાત્રા' શરૂ કરવાની દરખાસ્ત નામંજૂર કરાતા કોંગ્રેસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, રાહુલ ગાંધીની 'ભારત જોડો ન્યાય યાત્રા' મણિપુરના ઈમ્ફાલથી જ શરૂ થશે. અમે કોઈપણ સંજોગોમાં યાત્રા અટકવા નહીં દઈએ અને હિંસાનો ભોગ બનેલા નોર્થ ઈસ્ટથી જ શરૂ કરશે. પેલેસ ગ્રાઉન્ડમાં મંજૂરી ન આપી સ્થાનિક સરકાર યાત્રાથી ડરી રહી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, 'અમને માહિતી મળી છે કે, મણિપુર સરકારે ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડમાં યાત્રા સંબંધિત અમારી દરખાસ્ત રદ કરી દીધી છે. અમે મણિપુરની અવગણના ન કરી શકીએ, તેથી હવે અમે પૂર્વથી પશ્ચિમ સુધી યાત્રા યોજીશું. જો અમે ત્યાંથી યાત્રા ન કાઢીએ તો મણિપુરના લોકોને શું સંદેશો જશે?' વેણુગોપાલે કહ્યું કે, 'અમારે માત્ર મણિપુરથી યાત્રા શરૂ કરવાની જરૂર છે. અમે ત્યાં કોઈ અન્ય જગ્યાએથી યાત્રા શરૂ કરીશું. આ બાબતે વહેલીતકે માહિતી આપીશું. અમે પહેલા જ કહ્યું હતું કે, અમે યાત્રા કાઢીશું, તેમ છતાં તેઓ (રાજ્ય સરકાર) ના કેમ પાડી રહ્યા છે? તેઓ અમારી યાત્રાથી ડરી ગયા છે, તેથી જ મંજૂરી આપી નથી.'

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પણ કહ્યું કે, 'યાત્રા ઈમ્ફાલથી જ શરૂ થશે. અમે પેલેસ ગ્રાઉન્સ નહીં તો અન્ય જગ્યા માટે મંજૂરી માંગી છે. આશા છે કે, મંજૂરી અપાશે. અમે એક વેબસાઈટ પણ તૈયાર કરાઈ છે, જેમાં યાત્રા સંબંધિત તમામ વિગતો અપાશે. આ માટે એક પેમ્ફલેટ પણ જારી કરાયું છે.' ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા ૧૪મી જાન્યુઆરીથી ઈમ્ફાલના પેલેસ ગ્રાઉન્ડથી યોજાવાની હતી.

શેરબજારમાં દિવસભર અસ્થિર કારોબાર જોવા મળ્યો

# સેન્સેક્સમાં ૨૭૧, નિફ્ટીમાં ૭૯ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

**સિપ્લા, અદાણી એન્ટરપ્રાઇઝ, એચસીએલ ટેક અને અદાણી પોર્ટ્સના શેરમાં સારો ઉછાળો નોંધાયો**

। (એજન્સી) મુંબઈ, તા.૧૦ ।

શેરબજારનો કારોબાર બુધવારે ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો. દિવસભરના અસ્થિર કારોબાર બાદ બીએસઈસેન્સેક્સ ૨૭૧ પોઈન્ટના વધારા સાથે ૭૧૬૫૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૭૯ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૬૨૩ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. શેરબજારમાં દિવસના અસ્થિર વેપાર દરમિયાન, મીડિયા પેક ૪ ટકા વધ્યો હતો જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સ ૧ ટકાની નબળાઈ સાથે બંધ થયો હતો. બુધવારે શેરબજારનો કારોબાર ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો હતો. બુધવારે નિફ્ટી બેંક, નિફ્ટી આઈટી, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી મિડ કેપ ૧૦૦ જેવા સૂચકાંકોમાં વધારો નોંધાયો હતો. જો આપણે શેરબજારના ટોપ ગેઈનર્સ વિશે વાત કરીએ તો, સિપ્લા, અદાણી એન્ટરપ્રાઈઝ, એચસીએલ ટેક અને અદાણી પોર્ટ્સના શેરમાં સારો ઉછાળો નોંધાયો હતો.

કોચીન શિપયાર્ડના શેર ૯ જાન્યુઆરી, મંગળવારના રોજ રૂ. ૧૩૩૯ના સ્તરે હતા, જે હવે બે ભાગમાં વહેંચાયેલા છે. બુધવાર, જાન્યુઆરી ૧૦ એ કોચીન શિપયાર્ડના શેરના વિભાજનની રેકોર્ડ તારીખ છે. કોચીન શિપયાર્ડ લિમિટેડના ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા શેરને ૫ના ફેસ વેલ્યુના બે શેરમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. શેરબજારમાં નબળાઈ દર્શાવતા શેરની વાત કરીએ તો ઓએનજીસી, ડિવિઝ લેબ, એનટીપીસી અને બીપીસીએલના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. બુધવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૮ના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે એસીસીલિમિટેડ અને અદાણી




વિલ્મરના શેર નબળાઈ પર બંધ થયા હતા. શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો આશાનિષા ઈન્ડસ્ટ્રીઝ, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈઆરસીટીસી, આઈસીઆઈસીઆઈબેંક, ટાટા મોટર્સ, એસબીઆઈકાર્ડ, એચડીએફસીબેંક, ફેડરલ બેંક અને દેવયાની ઈન્ટરનેશનલના શેરમાં વધારો રહ્યો હતો જ્યારે મારુતિ સુઝુકી, મુથૂટ ફાઈનાન્સ, ઈન્ફોસિસ, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક, પતંજલિ ફૂડ્સ અને ગરવારે ટેકનિકલ ફાઈબર્સમાં નબળાઈ જોવા મળી હતી. બુધવારે સર્વોટેક પાવર, ગલ્ફ ઓઈલ, હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સ, એલઆઈસીઅને પેટીએમના શેરમાં નજીવો વધારો થયો હતો જ્યારે કજરિયા સિરામિક્સ, આઈટીસી, ઈરડા, પંજાબ નેશનલ બેંક, ગેઈલ, ઈન્ડિયન ઓઈલ, ડીપી વાયર્સ, વોકહાર્ટ લિમિટેડ, સાઉથ ઈન્ડિયન બેંક, બંધન બેંક. બીસીએલઈન્ડસ્ટ્રીઝ અને કેમ બાઉન્ડ કેમિકલ્સના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

ભારતીય અર્થતંત્રનું અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન

# ભારતનો વિકાસદર જોરદાર રહેવાનો વર્લ્ડ બેંકને ભરોસો

**વર્લ્ડ બેંકનું અનુમાન છે કે ૨૦૨૪-૨૫માં વૈશ્વિક મંદી પછી પણ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહી શકે છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

વર્તમાન સમયમાં ભારતીય અર્થતંત્રનું અપેક્ષા કરતા વધુ સારું પ્રદર્શન રહ્યું છે. હાલમાં જ સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દરના અંદાજ વધારો કર્યો છે. તેમજ વર્લ્ડ બેંકને લાગે છે કે ભારતની આ સ્થિતિ અકબંધ રહેશે, વૈશ્વિક મંદી હોવા છતાં પણ આવનાર વર્ષોમાં ભારતીય અર્થવ્યવસ્થા જોરદાર ગતિએ આગળ વધશે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ (એનએસઓ) દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા ફર્સ્ટ એડવાન્સ અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭.૩ ટકા રહી શકે છે. આ અંદાજ રિઝર્વ બેંકે આપેલા અંદાજ કરતા વધુ છે. રિઝર્વ બેંકે ડિસેમ્બર ૨૦૨૩ના એમપીસીપછી કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ભારતનો આર્થિક વિકાસ દર ૭ ટકા રહી શકે છે. ૭ ટકાનો વિકાસ દર એવું દર્શાવે છે કે ભારત વર્તમાન સમયમાં દુનિયામાં સૌથી વધુ વિકાસ કરતુ અર્થતંત્ર છે. વર્લ્ડ બેંકનું અનુમાન છે કે ૨૦૨૪-૨૫માં વૈશ્વિક મંદી પછી પણ ભારતનો આર્થિક વિકાસ દર ૬.૪ ટકા રહી શકે છે. જેના પરથી એવું કહી શકાય કે ભારત પર વૈશ્વિક મંદીની અસર પડશે પરંતુ તે અસર મર્યાદિત રહેશે. જો કે, વિશ્વની અન્ય કોઈપણ મોટી અર્થવ્યવસ્થાની તુલનામાં ભારતનો ૬.૪ ટકાનો વિકાસ દર પણ સૌથી વધુ હશે. વર્લ્ડ બેંકે તેના તાજેતરના ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સના રિપોર્ટમાં કહ્યું છે કે આવનારા વર્ષોમાં ભારતમાં રોકાણમાં થોડો ઘટાડો થવા છતાં રોકાણ મજબૂત રહેશે. ભારતમાં રોકાણને સરકારી રોકાણમાં વધારો અને કોર્પોરેટ બેલેન્સ શીટ્સ દ્વારા ટેકો મળશે.

વર્તમાન નાણાકીય વર્ષ પરથી કહી શકાય કે ભારતીય અર્થતંત્ર માટે વર્લ્ડ બેંકનો વિકાસ અંદાજ રિઝર્વ બેંક અને એનએસઓકરતા ઘણો ઓછો છે. જેમાં વર્લ્ડ બેંકે રિઝર્વ બેંકના ૭ ટકા અને એનએસઓના ૭.૩ ટકાની તુલનામાં ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ મૂક્યો છે. જો કે ૬.૩ ટકા વૃદ્ધિ દરનો અંદાજ પણ અન્ય અર્થતંત્રની તુલનામાં સૌથી વધુ છે. પરંતુ તેમ છતાં વર્લ્ડ બેંકે વૈશ્વિક અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૨૦૨૩માં ૨.૬ ટકાના અંદાજની સરખામણીએ ૨૦૨૪માં ઘટીને ૨.૪ ટકા થવાની આગાહી કરી છે.

## તંત્રી લેખ...

# માલદીવની પર્યટન સંસ્થાએ ભારતના ટ્રાવેલ એગ્રીગેટરને ફ્લાઇટ બુકિંગ ફરીથી ખોલવા અપીલ કરી

માલદીવની પર્યટન સંસ્થાએ ભારતના ટ્રાવેલ એગ્રીગેટર EaseMyTrip ને તેના પ્લેટફોર્મ દ્વારા ફ્લાઈટ બુકિંગ ફરીથી ખોલવા માટે અપીલ કરી. માલદીવ્સ એસોસિએશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટૂર ઓપરેટર્સ (MATATO) એ EaseMy Trip CEO નિશાંત પિટ્ટીને પત્ર લખ્યો છે, જ્યારે ટાપુ રાષ્ટ્રએ ભારત સાથે એકતામાં તેની વેબસાઈટ પર ટાપુ રાષ્ટ્ર માટે તમામ ફ્લાઈટ બુકિંગ સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી છે. CEOને લખેલા પત્રમાં, MATATOએ લખ્યું, 'પર્યટન એ માલદીવનું જીવન છે, જે આપણા જીડીપીમાં બે તૃતીયાંશ કરતાં વધુ યોગદાન આપે છે અને લગભગ ૪૪,૦૦૦ માલદીવિયનોને આજીવિકા પૂરી પાડે છે જેઓ પર્યટન ક્ષેત્રમાં સીધા કામ કરે છે. પ્રવાસન પરની સંભવિત પ્રતિકૂળ અસરથી આપણા અર્થતંત્ર પર ગંભીર અસર થવાની સંભાવના છે, જે ઘણા લોકોના જીવનને અસર કરે છે. ત્રણેય મંત્રીઓની અપમાનજનક ટિપ્પણીઓનો ઉલ્લેખ કરીને, MATATOએ નિષ્ઠાપૂર્વક માફી માંગી છે. તેમાં લખવામાં આવ્યું છે કે, 'MATATO સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેટલાક નાયબ મંત્રીઓ દ્વારા કરવામાં આવેલી ખેદજનક અને અપમાનજનક ટિપ્પણીઓને ખૂબ જ હૃદયથી સ્વીકારે છે. મંત્રીઓને તેમની ભૂમિકામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમના મંતવ્યો સામાન્ય રીતે માલદીવની લાગણીઓથી દૂર છે. MATATO આ ટિપ્પણીઓથી થયેલા દુઃખ માટે નિષ્ઠાપૂર્વક માફી માંગે છે. ''માલદીવ્સ અને ભારત વચ્ચેના સંબંધોને વ્યાખ્યાયિત કરતી સ્થાયી મિત્રતા અને ભાગીદારી માટે અમારા હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરતી વખતે, અમે તમને જણાવવા માંગીએ છીએ કે અમારા દેશોને બાંધતા બંધનો રાજકારણથી ઉપર છે. અમે અમારા ભારતીય સમકક્ષોને ઈચ્છીએ છીએ.અમને આદર આપો. પ્રિય ભાઈઓ અને બહેનો.'' EaseMyTrip ના સહ-સંસ્થાપક અને CEO નિશાંત પિટ્ટીએ Instagram પર ''આપણા રાષ્ટ્ર સાથે એકતામાંપ'' સંદેશ પોસ્ટ કર્યો અને #ChaloLakshadweep હેશટેગ સાથે PM મોદી લક્ષદ્વીપમાં બીચ પર બેઠેલા ફોટો શેર કર્યા. EaseMyTrip માલદીવનું બુકિંગ સસ્પેન્ડ કરે છે. તમને જણાવી દઈએ, માલદીવના પ્રવાસન મંત્રાલયના જણાવ્યા અનુસાર ગયા વર્ષે બે લાખથી વધુ ભારતીયોએ માલદીવની મુલાકાત લીધી હતી અને છેલ્લા બે વર્ષમાં ૪.૫ લાખથી વધુ લોકોએ માલદીવની મુલાકાત લીધી હતી. કોરોના મહામારી દરમિયાન માલદીવ પણ એવા દેશોમાં સામેલ હતું જે પ્રવાસીઓ માટે ખુલ્લા હતા. તે સમયે લગભગ ૬૩,૦૦૦ ભારતીયો માલદીવની મુલાકાતે આવ્યા હતા.

## ભારતીય પોસ્ટ ઓફિસના પેવેલિયનમાં Filatelik સ્ટેમ્પ્સમાં રામાયણના પ્રસંગોનું અદભૂત કલેક્શન : ગ્લોબલ ટ્રેડ શોનું અનોખું આકર્ષણ



। (માહિતી) ગાંધીનગર ।


ગાંધીનગર ખાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો ૨૦૨૪માં દેશ -વિદેશના ઉદ્યોગપતિઓ,ભારતના વિવિધ મંત્રાલયો,સુક્ષ્મ અને લઘુ ઉદ્યોગો,મહિલા ઉદ્યોગ સાહસિકો, સેવા ક્ષેત્રો, સાયન્સ અને ટેકનોલોજી વગેરે વિષયો આધારિત સ્ટોલનું પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું છે .જેમાં ૧૨ નંબરના પેવેલિયનમાં આવેલા ઈન્ડિયન પોસ્ટના સ્ટોલનું 'ફિલાટેલીક ધ કિંગ ઓફ હોબીસ' પ્રદર્શન મહાનુભાવો- ઉદ્યોગપતિઓનું વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું છે. ડોમ નંબર ૧૨માં સેવા ક્ષેત્ર તથા કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે જહૈ ેર્ઙ્ક હ્વક્રહા,યુનિયન બેક્ર, કેનેરા બેક્ર એચડીએફસી બેક્ર વગેરે બેંકો તથા સિડબી અને નાબાર્ડ જેવા કૃષિ ક્ષેત્રને મદદરૂપ થતી બેંક સેવાઓનું પ્રદર્શન દર્શાવવામાં આવ્યું છે.

ભારતમાં પોસ્ટ સેવાની શરૂઆત બ્રિટિશર દ્વારા કરવામાં આવી હતી અને તેને અત્યારે હિમાચલ પ્રદેશના લાહોલ અને સ્પિતી જિલ્લાનો સૌથી ઊંચો વિસ્તાર સિક્કીમથી લઈને એન્ટાર્કટિકા જેવા બરફીલા દેશ અને દાલ લેક જેવા વિસ્તારમાં પણ ભારતીય પોસ્ટ તમામ સેવાઓ પૂરી પાડી રહી છે. દેશના તમામ વિસ્તારોમાં અને ગામડાઓમાં વૃદ્ધો ઘરે બેઠા પેન્શન મેળવી શકે છે અને ગર્ભવતી મહિલાઓ ઘર બેઠા સરકાર દ્વારા મળતી નાણાકીય સહાય માત્ર પોસ્ટની મદદ દ્વારા લઈ શકે છે. પોસ્ટની સેવા અત્યારે નાગરિક કેન્દ્રીયકૃત સેવા બની ગઈ છે જેમાં આધાર કાર્ડ અપડેટ કરવું, પાસપોર્ટ સેવા, બચત સેવા ,સ્પીડ પોસ્ટ વગેરે સેવાઓ ઉપલબ્ધ છે. પોસ્ટ હવે સામાન્ય નાગરિકોનું ઘર બની ગયું છે અને પોસ્ટમેન તેમના પરિવારનો સભ્ય.

આ એક્ઝિબિશન જેમાં આપણને રામાયણના વિવિધ ધાર્મિક પ્રસંગો જેવા કે વાલ્મિકી,રાવણ હથ્થો,તુલસીદાસ, જયદેવ અને ગીત ગોવિંદ, ભગવાન પરશુરામ,સ્વયંવર, વનવાસ, ભરત, કેવટ,શબરી માતા,જટાયુ,અશોકવાટિકા, સંજીવની, રામ દરબાર વગેરે જેવા યાદગાર પ્રસંગોના સ્ટેમ્પ્સ -ટીકીટ જોવા મળે છે.જ્યારે અત્યારે અયોધ્યામાં શ્રીરામ ભગવાનનું વિશાળ મંદિર આકાર લઈ રહ્યું છે ત્યારે આપણા પ્રિયજન,મિત્ર તથા સંબંધીઓને રામ ભગવાનના પ્રસંગની પ્રતિકૃતિની ટીકીટ લગાવીને પોસ્ટ કવર મોકલવું તો તે આપણા માટે ગૌરવની વાત છે. પોસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા જિઓગ્રાફિકલ ઈન્ડિકેશન- જીઆઈ ટેગના કવર પણ બહાર પાડવામાં આવે  છે. જેમાં ગુજરાતની વાનગીઓ, પાટણ અને રાજકોટના પટોળા, જામનગરની બાંધણી, કચ્છી એમ્બ્રોઈડરી અમદાવાદના હેરિટેજ ચબુતરા, મિલેટ યર ૨૦૨૩ના સ્ટેમ્પ જોવા મળે છે. આ એક્ઝિબિશન સ્ટેમ્પ  કલેકશનના શોખીન નાગરિકો માટે યાદગાર બની રહેશે.

### સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક - ચિંતનની ક્ષણે

# રામરાજ્ય માટે મહાત્મા ગાંધીજીના અગિયાર મહાવ્રત ને પાળવાનો સમય આવી ગયો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમસ્ત જગતના જન સમુદાયના શ્રેય માટે કે પછી એના ઉત્થાન માટે કંઈક યોગ્ય સ્થાને પોકાર કરવામાં આવે કે રજૂઆત કરવામાં આવે તો, એને પ્રાર્થના કહેવાય છે. ઘણીવાર આપણે વ્યવહારમાં પણ આ શબ્દનું પ્રયોજન કરતા હોઈએ છીએ, કે મારી તમને નમ્ર પ્રાર્થના છે કે, તમે આમ કરો! અથવા આમ ન કરો! એટલે પ્રાર્થના એટલે નમ્ર અપીલ એવો પણ એક ગુઢાર્થ નીકળે. હમણાં આપણે સમાજ આટલાં વર્ષ થયાં છતાં રામરાજ્યથી કેમ વંચિત છે? એ વિશે ચિંતન કરી રહ્યા છીએ, તો ભારતીય હિન્દુ સમાજની માનસિકતા નાં કારણે આપણે આપણી સંસ્કૃતિ ને અણદેખી કરીએ છીએ, અથવા તો આચરણનો તબક્કો આવે છે, ત્યાં પીછેહઠ કરીએ છીએ. એમાં મુખ્ય બે કારણ પર ફોકસ કરીએ તો પણ આપણે આપણું ધાર્યું લક્ષ ઝડપથી સિદ્ધ કરી શકીએ, પહેલું તો આપણે અન્ય સંસ્કૃતિથી બહુ જલ્દી પ્રભાવિત થઈ જઈએ છીએ, અને બીજું આપણા જે બુદ્ધ પુરુષો છે, મહાપુરુષો છે કે જેને પુણ્ય શ્લોક કે પૂર્વ સૂર્યો પણ કહી શકાય, એટલું આપણાં સામાજિક ઉત્થાન માટે કાર્ય કરેલું છે, એમની વિશે ગમે તેવા નિવેદનો કરી, અને એમને વખોડવા. બસ આ બે વાત પર આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ, અને આપણી દિનચર્યા પર નજર ફેરવી લઈએ કે આજે આપણે આખા દિવસમાં આવું કંઈક તો કર્યું નથી ને!: અન્ય સંસ્કૃતિ હોય, કલા હોય, કે ગુણવાન હોય, એની કદર કરવી એનું સન્માન કરવું, એ આપણી સંસ્કૃતિની પ્રથમ પ્રાથમિકતા છે, એની કોઈ મનાઈ નથી પરંતુ એટલી હદે એનાથી અંજાઈને આપણા મૂલ્યો, આપણાં સંસ્કારના મૂલ્યો વિસરી જવું, એ જરા પણ યોગ્ય નથી. તો ભારતીય સમાજને નમ્ર પ્રાર્થના છે કે આ બે મુદ્દે અવશ્ય વિચારે. આજે આપણે પ્રાર્થના ના દોરમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૧ મહાવ્રતની ટૂંકી પ્રાર્થના વિશે વાત કરીશું, અને જે વ્રત સમાજના દરેકે દરેક વ્યક્તિએ સમજીને જીવનમાં અપનાવવા જેવા છે.


**રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજી**

સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણ જોઈતું ન સંઘરવું, અને જાત મહેનત, કોઈ અડે ન અભડાવું, અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને સર્વ ધર્મ સરખા ગણવાં, એ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દ્રઢ આચરવા ...!

આ ઈશ્વર આગળ નહીં પણ જન સમુદાય આગળ કરવાની પ્રાર્થના છે, અને આપણા અત્યારના સમાજને આ વ્રત પાળવાની તાતી જરૂર છે. આમ તો આ એક એક વ્રત પર એક એક ચિંતન થઈ શકે,(૧) સત્યનો સીધા સાદો અર્થ કરીએ તો સત્ય એટલે કે સાચું બોલવું પરંતુ અહીં માત્ર વાણીના સત્ય પૂરતું મર્યાદિત ન રહેવું, અને સાચા ખોટાનું બે જ સમજી સાચા નું આચરણ કરવું, એટલે કે નીતિપૂર્વક જીવવું.(૨) અહિંસા એટલે જીવદયા રાખવી અને ખોટી હિંસા કરવી નહીં. એમાં પણ સૂક્ષ્મ અર્થ કરીએ, તો કોઈનું દિલ દુભાય એને હિંસા કહેવામાં આવે છે, તો આપણા વ્યવહારમાં બને એટલી વિનમ્રતા રાખવી. (૩) ચોરી ન કરવી, એટલે કોઈ વસ્તુ ચોરી લેવી નહીં ! પરંતુ જે આજકાલ બધાં જ કરે છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં આ કાર્ય જુદા જુદા મૂલ્યોથી થાય છે, અને એમાં પણ પ્રજ્ઞા ચોરી એટલે કે કોઈની વાત પોતાના નામે કરી લેવી, એનો અત્યારે સૌથી વધુ વ્યાપ છે.(૪) વણ જોઈતું નવ સંઘરવું, અપરિગ્રહ, જે પણ આજકાલ બહુ જરૂરી છે, પરંતુ થતું નથી. જરુર હોય કે ન હોય, નવી નવી ખરીદી થયે જ રાખે છે, અને જૂનું આપી દેવું, એવું પણ થતું નથી! હશે દેશકાળ પ્રમાણે... પણ મન નામની અદ્રશ્ય ઈન્દ્રિયોમાં પણ આપણે જે વણ જોઈતું કેટલુંય સંઘરેલું છે, એમાંથી થોડા આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, ઈર્ષા, નિંદા, મમતા, માયા, લાલચ, લોભ, આ બધું વગર કારણે સંકળાયેલું છે, એનો થોડો થોડો નિકાલ કરીએ તો અંદર નવી વાત સમજવાનો કે સ્વીકારવાનો અવકાશ રહે. (૫)બ્રહ્મચર્ય આ શબ્દની ગરીમા અને તેનો વ્યાપ ખૂબ જ છે, એને માત્ર કામના પૂરતી તરીકે જોવામાં આવે છે, એ ખોટું છે. સીધો સાદો અર્થ બ્રહ્મ જેવું આચરણ એટલે બ્રહ્મચર્ય! એવો અર્થ આપણાથી શું કામ ન થાય! સંસારીઓ વાત વાતમાં પોતાની ઈચ્છા સ્વરૂપે થતી કામના પૂર્તીની વાતોને ભૂલીને અન્યનાં ભલાં માટે વિચારે તો, એને પણ બ્રહ્મ જેવું આચરણ કહી શકાય. કારણકે કામ અને રામ બંને દેવ છે, અને બંનેની પોતપોતાના સ્થાને મહત્તા પણ છે. પરંતુ આખો દિવસ કામ નાં ગાણા ગાયે નહીં અને રામની જેમ અન્યના ભલા માટે વિચારે તો એનું આચરણ બ્રહ્મચર્ય છે, અને દેશકાળ પ્રમાણે આવાં શબ્દના નવા નવા સંશોધન થવા જોઈએ. (૬) જાતે મહેનત, સ્વાવલંબીપણું પોતાના કામ પોતાની જાતે કરવા, અથવા પરિશ્રમ કે કે પુરુષાર્થ ને મહત્વ આપવું. કારણ કે બેઠાડું જીવન શરીર સ્વાસ્થય અને મન સ્વાસ્થય બંને બગાડે છે. (૭) કોઈ અડે ન અભડાવું, અસ્પૃશ્યતા નિવારણ, જે હવે બહુ જવલ્લે જ જોવા મળે છે, અને કહેવું પડે કે એ બાબત આપણે ક્રાંતિ કરી છે, એ ગર્વ કરવા જેવી વાત છે. (૮) અભય. અધ્યાત્મમાં આ પદ માટે બહુ બધી સાધના કરવી પડે છે, એટલે સ્વાભાવિક રીતે જ લોકમાનસમાં રામના દર્શન કરી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ પદ પ્રાપ્ત કર્યું હશે. પરંતુ આપણી કદાચ ત્યાં સુધીની ઓકાત નથી, છતાં એકાંતમાં ડર લાગે અથવા તો ક્ષોભ થાય, એવાં કાર્ય,વ્યવહાર કે વર્તનથી પર રહીએ તો, ભય ઓછો લાગે, અને એ રીતે પણ અભય સુધી પહોંચી શકાય. (૯) સ્વદેશી, ગાંધીજીએ આટલા વર્ષો પહેલા પણ આ વાત પર ભાર મૂક્યો હતો, અને આજે તો બ્રાન્ડની બોલબાલામાં આપણે સ્વદેશી કે વિદેશી એ કંઈ જોતાં જ નથી. આપણા દેશનું આર્થિક તંત્ર મજબૂત રહે એ માટે થઈને વધુમાં વધુ સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ રાખવો જોઈએ કારણ કે જરૂરિયાતને નામે આપણે હવે એટલો બધો ખર્ચ કરતા થઈ ગયા છીએ કેટલા રૂપિયા અન્ય દેશમાં જશે તો એ લાંબી ગાળે બહુ ખરાબ પરિણામ આપશે. (૧૦) સ્વાદ ત્યાગ, અથવા અસ્વાદ. આ સ્વાદ નામની આપણી વૃત્તિ દિવસે ને દિવસે એટલી પ્રબળ થતી જાય છે કે આપણે ન ખાવાનું ખાતા થઈ ગયા છીએ, ન પીવાનું પીતા થઈ ગયા છીએ, જે શારિરીક સ્વાસ્થ્ય માટે તો ખરાબ છે જ, પણ એનાથી માનસિક સ્વાસ્થ્ય પણ ખરાબ થાય છે. આપણે ત્યાં અન્ય તેવો ઓડકાર એવી પણ એક વાત આવી છે, અને એટલે જ અત્યારના સમાજની માનસિકતા વ્યાભિચાર અને ભ્રષ્ટાચારમાં ચરમસીમાએ છે, એમ કહી શકાય. બીજું સ્વાદ છે એ સ્વાર્થ કરવા પ્રેરે છે સ્વાદ નામની વૃત્તિ પ્રબળ બને ત્યારે પોતાને ગમતો સ્વાદ ન મળે તો એ ગમે તે કરી શકે, અને એ સ્વાર્થી માનસિકતા વધારે છે. (૧૧) સર્વ ધર્મ સરખા ગણવા. ઉપર વાત કરી તેમ બધા જ ધર્મને માન સન્માન આપવું, પણ આપણું મૂળ ભૂલવું નહીં. નિંદાસ સ્તુતિ કે પ્રશંસાથી ઉપર ઉઠવાની વાત છે અને બધા જ સારા છે એવો ભાવ મનમાં કેળવવાથી, વગર કારણે થતી સરખામણીના દુષણથી મુક્ત રહી શકાય.

આપણાં અંતર આત્મા માં ઝાંકવાનો સમય આવી ગયો છે અને પૂર્વની ઝળહળતી સંસ્કૃતિનો ઉદય ઈચ્છતા હોઈએ તો એરણ પર આપણી જાતને જ આપણે ટીપવી પડશે! સમાજની વધુ દુર્દશા થાય એ પહેલાં આપણે સૌ આપણા જીવન મુલ્યને સમજી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય, તો તે ઘરના માણસોનું કોઈ અહિત કરી શકતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



સૌને જય માતાજી.. સુપ્રભાત..

ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગમાં ન રહેવું તે તમારા હાથની વાત છે. ઈશ્વર માટે લૌકિક સુખનો પણ ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી સર્વનો ત્યાગ કરી વિદુરજી-સુલભા પરમે શ્વરનું આરાધન કરે છે, તપ કરે છે.તપ કરવાથી પાપ બળે છે,જીવ શુદ્ધ થાય છે. ગૃહસ્થનો ધર્મ છે કે, વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એકમાસ કોઈ પવિત્ર તીર્થમાં, પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું. તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.તપ કરવાથી પરમાત્માને દયા આવે છે.તપનું પહેલું અંગ છે. જીભ ઉપર અંકુશ. જેને જરૂરિયા ત વધારે છે તે તપ કરી શકશે નહીં આજકાલ લોકોને જરૂરિયાત વધારે છે. પરિણામ એ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યયઈન્દ્રિયો ને લાડ લડાવવામાં થાય છે મનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવા સુલભ નથી પણ દુર્લભ છે.વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરી છે, તેથી વગર આમંત્રણ પરમાત્મા તેને ઘરે આવ્યા છે.વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય, ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે. જ્યાં પરમાત્માને પણ પ્રેમ હોય તા માગીને ખાવાની ઈચ્છા થાય છે. પ્રેમ હોય તો કનૈયો કહે છે,તું મારા માટે માખણ લઈ આહ જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. કે કરવા લાયક એક ઈશ્વર છે.

વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ઈચ્છા સફળ થઈ છે.ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય. જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે.પ્રભુ જ ઘરનું પાણીપીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી રાજાને કહે છે કહેવું મા-ન્યુ નહી. પછી વિદરજીને બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કમો પણ ધૃતરાષ્ટ્ર તેનું માનતા નથી. આ ઉપદેશ વિદુરનીતિના નામે ઓળખાય છે. જે બીજાના ધનનું હરણ કરી લેઆંધળો થઈ જાય છે તે ધૃતરાષ્ટ્ર.પણ આજ કાલ તો ધૃતરાષ્ટો બહુ વધી પડ્યા છે.જેની આંખમાં પૈસો છે તે આંખ હોવા દો. તારો પુત્ર નથી તરીકે આવ્યો છે.એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્રરૂપે આવે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે,દુરાચારી દીકરો માબાપની દુર્ગતિ કરે છે. સદાચારી પુત્ર માબાપની સદગતિ કરે છે. પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો.માનવું આ મારો પુત્ર નથી,મારું પાપ પુત્ર રૂપે આવ્યું છે.આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે.ચોરી અને વ્યભિચારને મહા પાપ માન્યાં છે. તે ક્ષમ્ય નથી. બીજાં પાપો ક્ષમ્ય છે. કેટલાંક ચોર જેલમાં, કેટલાંક ચોર મહેલમાં રહે છે.ચોર એટલે? વગર મહેનતે બીજાનું પચાવે તે ચોર છે. જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે,વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સ્થિતિ સારી હોવા છતાં જે અતિથિ સત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે. વિચારો, આમાંથી કોઈમાં તમારો નંબર તો નથી ને?

વિદુરજી કહે છે કે, પ્રભુએ પાંડવો ને અપનાવ્યા છે.તેથી તેઓને પ્રભુ ગાદી ઉપર બેસાડશે.ધર્મરાજાતારા અપરાધ ક્ષમા કરવા તૈયાર છે.ધર્મ રાજા અજાત શત્રુ છે. માટે હજુ દુર્યોધનનો મોહ ત્યાગ, નહીં તો વિનાશ થશે. ધૃતરાષ્ટ્ર કહે છે,ભાઈ,તું કહે તે સાચું છે, પણ દુર્યોધન જ્યારે મારી પાસે આવે છે ત્યારે મારું જ્ઞાન રહેતું નથી. પાપનો બાપ છે લોભ અને પાપની મા છે મમતા. લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધન ને કાને વાત આવી કે, વિદુરકાકા અમારી વિરુદ્ધ વાતો કરતા હતા. તરત દુર્યોધને વિદુર જીને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું.

યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે? ત્યારે યુધિષ્ઠિર કહે છે કે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે. દુર્યોધન વિદુરજીને કહે છે, તું દાસીપુત્ર મારું જ અન્ન ખાઈને મારી નિંદા કરે છે? મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?

વિદુરજી એવા ધીર ગંભીર છે કે, તે નિંદા સહન કરે છે. સભામાં નિંદા સહન કરેતે સંત. સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત. તે ભગવાન નો અવતાર છે.વિદુરજીમાં એવી શક્તિ હતી કે,આંખ ઊઘાડીને દુર્યોધન સામે જુએ તો દુર્યોધન બળીને ખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી. શક્તિનો દુરુ પયોગ કરે તે દૈત્ય. સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો.કેટલીક સાસુઓ વહુ ઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે, હું વહુ કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે. વિચાર કરો,વહુ કરતા સાસુ મોટી નથી. બંને સમાન વયનાં છે. સાસુ-વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે. જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બની છે. કોઈ જીવને અવગણશો નહીં. વિદુરજીએ જેવું બાર વર્ષ તપ કર્યું તે પ્રમાણે કરશો,તો સહન કરવાની શક્તિ આવશે.અતિ સાત્ત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે. સાત્ત્વિક આહાર વિના સહનશક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે. તમે બાર મહિના ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે. તેલ-મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે આ જીવનો એવો સ્વભાવ છે કે, એને જે મળ્યું છે તેમાં સંતોષ નથી. વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વનું આરાધન કર્યું છે.

અપમાનથી વિદુરજી ગ્લાનિ પામતા નથી. સભામાં દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તેમ છતાં ગુસ્સે થયા નથી. વિદુરકાકાએ એકલી ભાજી ખાધેલીને? જીવનમાં સુખી રહેવું હોય તો 'કમ ખાઓ અને ગમ ખાઓ.' મનુષ્યને બધું ખાતાં આવડે છે, ફક્ત ગમ ખાતાં આવડતું નથી.

તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે, મારા પાપને તે ધૂએ છે. કેટલાકને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી. આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઈને છોડયો નથી. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો. નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વર નો શુભ સંકેત માનવો. વિદુરનું અપમાન કરવામાં આવ્યું તો પણ તેમાં તેઓ પ્રભુની કૃપાનો અનુભવ કરાવે છે. વિદુરજી કહે છે કે, દુર્યોધન મારી નિંદા કરતો નથી, પણ દુર્યોધનના અંતરમાં રહેલા નારાયણ મને કહે છે કે, કૌરવોનો કુસંગ તું છોડી દે. મહાપુરુષ નિંદામાંથી પણ સાર કાઢે છે. સારી વસ્તુમાં સારું દેખાય એ સાધારણ વૈષ્ણવ, પણ જેને ખરાબમાં પણ સારું તત્ત્વ દેખાય એ ઉત્તમ વૈષ્ણવ છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વૈષ્ણવ પ્રભુનો અનુ ગ્રહ જ જુએ છે. કૌરવોના મંડળ માં વિદુરજી વિરાજે તો કૌરવોનો વિનાશ થાય નહીં એટલે પ્રભુ વિદુરજીને ત્યાંથી જવાની પ્રેરણા કરે છે.રામાયણમાં રાવણે વિભિષણનું અને ભાગવતમાં દુર્યોધને વિદુરજીનું અપમાન કરેલું.આ પ્રમાણે સંતોના અપમાનથી તેઓનો નાશ થયો ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય,તો તે ઘરના માણસો નું કોઈ અહિત કરી શકતું નથી. વિદરના જવાથી કૌરવોનો નાશ થયો. વિભિષણની જવાથી લંકાના રાક્ષસોનો નાશ થયો.

દુર્યોધને નોકરોને હુકમ કર્યો કે, આ વિદુરજીને ધક્કો મારીને બહાર કાઢો. સેવકો ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં વિદુરજીએ સમજી ને ઘરનો ત્યાગ કર્યો.

# ફરાહ ખાન ભારતની સૌથી મોંઘી કોરિયોગ્રાફર



**ફરાહે રેમો ડિસોઝા, ગણેશ હેગડે અને વૈભવી મર્ચન્ટને પાછળ છોડી દીધા છે, જેઓ બધા સંયુક્ત રીતે બીજા સ્થાને છે**

હિન્દી સિનેમામાં ફિલ્મોની સ્ટોરી અને ગીતો હંમેશા એકબીજાના પૂરક રહ્યા છે. મેકર્સ હંમેશા માને છે કે દર્શકોની નજર સ્ક્રીન પર ટકાવી રાખવા માટે સ્ટોરીની સાથે ગીતો પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સમય બદલાયો અને ફિલ્મોમાં ડાન્સ નંબરનો ટ્રેન્ડ વધવા લાગ્યો.

ફિલ્મના ગીતો કેવા હશે, કોણ ગાશે અને કેવી રીતે ફિલ્માવવામાં આવશે તે બધું જ ફિલ્મની સ્ક્રિપ્ટ પ્રમાણે ડિરેક્ટર્સ નક્કી કરે છે. તેથી સિંગર્સની સાથે સાથે ફિલ્મોના કોરિયોગ્રાફરનું પણ મહત્વ ઘણું વધી જાય છે. આજે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા ટોપ કોરિયોગ્રાફર છે જેમણે ઘણા સ્ટાર્સને તેમના ઈશારે નચાવ્યા છે, પરંતુ શું તમે જાણો છો કે ભારતમાં સૌથી મોંઘો કોરિયોગ્રાફર કોણ છે? અમે જે ભારતીય કોરિયોગ્રાફરની વાત કરી રહ્યા છીએ તેણે ઘણા સ્ટાર્સને તેના ઈશારે નચાવ્યા છે. સરોજ ખાન, રેમો, પ્રભુદેવા અને ગીતા જેવા ઘણા કોરિયોગ્રાફરોએ લોકોને ડાન્સ કરવા મજબૂર કર્યા, પરંતુ તેઓ પણ દેશનો સૌથી મોંઘો કોરિયોગ્રાફર ન બની શક્યા. તો પછી સૌથી મોંઘો કોરિયોગ્રાફર કોણ છે? આ નામ છે ફરાહ ખાન. જે બે દાયકાથી ભારતની ટોપ કોરિયોગ્રાફર છે. તે દેશમાં સૌથી વધુ પેમેન્ટ મેળવનાર વ્યક્તિ પણ છે. રિપોર્ટ્સ અનુસાર, ફરાહ કોરિયોગ્રાફર તરીકે એક ગીત દીઠ ૫૦ લાખ રૂપિયા સુધી ચાર્જ કરે છે. અહેવાલ મુજબ, ફરાહે રેમો ડિસોઝા, ગણેશ હેગડે અને વૈભવી મર્ચન્ટને પાછળ છોડી દીધા છે, જેઓ બધા સંયુક્ત રીતે બીજા સ્થાને છે અને ગીત દીઠ રૂ. ૨૫-૫૦ લાખની વચ્ચે ચાર્જ કરે છે. ફરાહ ખાને એક ડાન્સર અને કોરિયોગ્રાફર તરીકે શરૂઆત કરી હતી, પરંતુ પછીથી તે ફિલ્મ નિર્માતા પણ બની હતી અને 'મૈં હું ના', 'તીસ માર ખાન' અને 'હેપ્પી ન્યૂ યર' જેવી હિટ ફિલ્મોનું ડાયરેક્શન કર્યું હતું. ફિલ્મ ડાયરેક્શન અને પ્રોડક્શનમાં આવવાથી ફરાહને તેની સંપત્તિ વધારવામાં મદદ મળી. રિપોર્ટ્સ અનુસાર, કોરિયોગ્રાફર ફિલ્મ નિર્માતા બની.

# પ્રણિતા સુભાષે રામ મંદિર નિર્માણ માટે કર્યુ મહાદાન

## અયોધ્યામાં શ્રી રામ રામ મંદિર નિધિ સમર્પણ અભિયાનને પોતાનું સમર્થન આપતા પ્રણિતા સુભાષે ૧ લાખનું દાન આપ્યું




ખરેખર, અમે અહીં સાઉથ એક્ટ્રેસ પ્રણિતા સુભાષની વાત કરી રહ્યા છીએ, જેણે શ્રી રામ મંદિરના નિર્માણ માટે મહાદાનની ઘોષણા કરી હતી જ્યારે મંદિરનું નિર્માણ શરૂ થયું હતું. કારણ કે તે પોતે એક ધાર્મિક મહિલા છે અને આસ્થામાં વિશ્વાસ ધરાવે છે. અયોધ્યામાં શ્રી રામ રામ મંદિર નિધિ સમર્પણ અભિયાનને પોતાનું સમર્થન આપતા, સાઉથ એક્ટ્રેસ પ્રણિતા સુભાષે ૧ લાખ રૂપિયાનું દાન આપ્યું છે. આ માહિતી તેણે પોતે જ પોતાના ઓફિશિયલ એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટ દ્વારા આપી હતી. એક્ટ્રેસે તેના ટ્વિટર એટલે કે એક્સ પર એક પોસ્ટ કરી હતી . તેમાં તેણે લખ્યું હતું કે, હું અયોધ્યા રામ મંદિર નિધિ સમર્પણ અભિયાન માટે ૧ લાખ રૂપિયાની વિનમ્ર પ્રારંભિક પ્રતિજ્ઞા લઈ રહી છુ. તમને બધાને આનો ભાગ બનવા વિનંતી કરું છું. આ એક ઐતિહાસિક આંદોલન છે. એક્ટ્રેસે ૨૦૨૧ માં એક વીડિયોમાં કહ્યુ હતું કે, 'તમારા બધાને નમસ્કાર, જેવું કે તમે બધા જાણો છો કે અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ શરૂ થઈ ગયું છે. આ માટે તેમણે નિધિ સમર્પણ કાર્યક્રમ શરૂ કર્યો છે. મેં પણ આમાં સહયોગ આપ્યો છે અને હું તમને બધાને હાથ મિલાવવાની વિનંતી કરું છું. જય શ્રી રામ. પ્રણિતા સુભાષે પણ તેના તમામ ફેન્સને હાથ મિલાવીને આ ઐતિહાસિક આંદોલનનો ભાગ બનવા વિનંતી કરી છે. આ યોગદાન ત્યારે આવ્યું છે જ્યારે VHP અને RSS નિધિ સમર્પણ કાર્યક્રમના ભાગ રૂપે રામ મંદિરના નિર્માણ માટે તેમના વિશાળ દાન અભિયાન શરૂ કરવાની તૈયારી કરી રહ્યા હતા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧થી શરૂ થયેલું આ અભિયાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને સામાન્ય નાગરિકો સુધી ૬૫ કરોડ લોકો સુધી પહોંચ્યું છે. અયોધ્યામાં રામ મંદિર માટે ધન સંગ્રહ માટે આરએસએસ ૫ લાખ ગામડાઓ અને ૧૦ કરોડ પરિવારો સુધી પહોંચ્યું. તમને જણાવી દઈએ કે શ્રી રામ મંદિરમાં દાન આપવા માટે માત્ર પ્રણિત સુભાષ જ નહીં પરંતુ લાખો ભક્તો છે. તમને જણાવી દઈએ કે અયોધ્યાના રામ મંદિરને અત્યાર સુધીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું દાન મળ્યું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અનુસાર, મંદિરની સમર્પણ નિધિના એકાઉન્ટમાં અત્યાર સુધીમાં ૩૨૦૦ કરોડ રૂપિયા આવ્યા છે. આમાં ઘણા જાણીતા નામો છે જેમને શ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જોકે, આધ્યાત્મિકતા સાથે સંકળાયેલી પ્રણિતા સુભાષાને અયોધ્યામાં શ્રી રામ મંદિરના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું નથી. આ વાત તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પરથી પણ જાણવા મળે છે પરંતુ કમનસીબે કોઈએ તેમને અયોધ્યા આવવાનું આમંત્રણ આપ્યું નથી. જ્યારે રણબીર કપૂર, આલિયા ભટ્ટ, રજનીકાંત, અક્ષય કુમાર જેવા ઘણા મોટા સ્ટાર્સને અયોધ્યા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# અભિનેત્રી નીતૂ સિંહનું દિલ કાકા માટે ધડકતું હતું

બોલિવૂડના ગણતરીના ફિલ્મી પરિવારની વાત કરવામાં આવે તો કપૂર પરિવારનું નામ સૌથી પહેલા આવશે. કપૂર પરિવારની ચોથી પેઢી પણ હવે બોલિવૂડ પર રાજ કરી રહી છે. તેની પહેલા કપૂર પરિવારની ૩ પેઢીઓ પણ પોતાની અદાઓથી દેશભરને દિવાના બનાવી ચૂકી છે. કપૂર પરિવારના અસલ જીવનની કહાનીઓ પણ કોઈ ફિલ્મી કહાનીથી ઓછી નથી. બોલિવૂડની ફેમસ હિરોઈન રહેલી અને કપૂર પરિવારની વહૂએ હાલમાં જ ખુલાસો કર્યો છે કે જવાનીના દિવસોમાં તેના 'કાકા' માટે તેનું દિલ ધડકતું હતું. પરંતુ પછીથી આ હિરોઈને 'ભત્રીજા' સાથે લગ્ન કર્યા અને એક સુપરસ્ટાર દીકરાને જન્મ આપ્યો. આ કિસ્સો ખુદ એક્ટ્રેસે શેર કર્યો છે. અમે વાત કરી રહ્યાં છીએ રણબીર કપૂરની મા નીતૂ સિંહની. નીતૂ સિંહ હાલમાં જ પોતાના જમાનાની સ્ટાર રહેલી એક્ટ્રેસ ઝીનત અમાન સાથે કરણ જોહરના શો કોફી વિથ કરણમાં પહોંચી હતી. અહીં નીતૂ સિંહે પોતાની જવાનીના દિવસોના ઘણા કિસ્સા શેર કર્યા છે.








# ફિલ્મ કારવાંની શોલેથી પણ વધુ ટિકિટો વેચાઇ હતી

**સમગ્ર એશિયામાં ફિલ્મની ૩૦ કરોડ રૂપિયાથી વધુ ટિકિટો વેચાઈ હતી, જ્યારે શોલેની ૨૫ કરોડથી વધુ ટિકિટો વિશ્વભરમાં વેચાઈ હતી**




હેમા માલિની, ધર્મેન્દ્ર અને અમિતાભ બચ્ચનની શોલેને કલ્ટ-ક્લાસિકનો દરજ્જો પ્રાપ્ત છે, જે ૧૫ ઓગસ્ટ ૧૯૭૫ના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મે તે સમયગાળાના દરેક મોટા બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યા હતા, પરંતુ તે ૧૯૭૧ની ફિલ્મ કારવાંથી ટિકિટોના વેચાણની બાબતે માર ખાઈ ગઈ. આ ફિલ્મ ભારતમાં સુપરહિટ રહી હતી, પરંતુ વિદેશમાં તેને વધુ સફળતા મળી હતી. ૧૯૭૯માં જ્યારે 'કારવાં' ચીનમાં રિલીઝ થઈ ત્યારે તેણે દરેકના રેકોર્ડ તોડી નાખ્યા હતા. તે ચીનમાં સૌથી વધુ કમાણી કરનાર વિદેશી ફિલ્મ બની. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સમગ્ર એશિયામાં ફિલ્મની ૩૦ કરોડ રૂપિયાથી વધુ ટિકિટો વેચાઈ હતી, જ્યારે 'શોલે'ની ૨૫ કરોડથી વધુ ટિકિટો વિશ્વભરમાં વેચાઈ હતી. કારવાંનો પ્લોટ ૧૯૫૩માં આવેલી ફિલ્મ 'ગર્લ ઓન ધ રન'થી થોડો પ્રેરિત છે. આ ફિલ્મ એક યુવતી સુનીતા (આશા પારેખ) અને તેના પિતા મોહનદાસ વિશે છે, જેમને તેમનો વિશ્વાસુ કર્મચારી રાજન દગો આપે છે. રાજન તેના કાળા કરતૂતોને છૂપાવવા માટે પોતાના માલિકને ઊંચી બિલ્ડિંગની બારીમાંથી ધક્કો મારી દે છે. પોલીસને તેની પર શંકા જતી નથી અને તે આને માત્ર એક ઘટના માની લે છે. રાજન પછી તેમની પુત્રી સુનીતા સાથે લગ્ન કરે છે, પરંતુ ધીમે ધીમે સુનીતાની શંકા વિશ્વાસમાં ફેરવાઈ જાય છે કે તેણે ખોટી વ્યક્તિ સાથે લગ્ન કર્યા છે. તે મદદ માટે તેના પિતાના મિત્ર પાસે જવાનો પ્રયાસ કરે છે, પરંતુ રસ્તામાં તેનો અકસ્માત થાય છે, ત્યાર બાદ તેની મુલાકાત મોહન (જીતેન્દ્ર) સાથે થાય છે.

# બોલિવુડ ફિલ્મોની કોપી કરવામાં સાઉથ પણ આગળ

## સ્પર્મ ડોનર બનવાની આયુષ્માનની સ્ટોરી સાઉથ ઈન્ડસ્ટ્રીને પણ ગમી, પછી તેની તમિલ રિમેક ધરાલા પ્રભુ બની

આમિર ખાનના ફિલ્મી કરિયરની બેસ્ટ ફિલ્મોમાંથી એક '૩ ઈડિયટ્સ' છે. કોલેજની સ્ટોરી પર ફરહાન, રાજુ અને રાંચો જેવા પાત્રો. આ તસવીરે સમગ્ર દુનિયામાં ધૂમ મચાવી દીધી હતી. આવામાં તેની ૨૦૧૨ માં કોઈપણ વિલંબ વિના તેની તમિલ રિમેક તૈયાર કરવામાં આવી હતી. 'નનબન' આમિર ખાનની '૩ ઈડિયટ્સ'ની રિમેક છે. ફિલ્મમાં વિજય, જીવા, ઈલિયાના ડીક્રુઝ અને સત્યરાજ જેવા કલાકારો હતા. આયુષ્માન ખુરાનાએ પોતાની પહેલી જ ફિલ્મથી બોલિવિડને હલાવી દીધું હતું. તેને પોતાના ડેબ્યૂમાં જે કર્યું તે પહેલા ક્યારેય થયું ન હતું. ફિલ્મનું નામ હતું 'વિકી ડોનર'. સ્પર્મ ડોનર બનવાની આયુષ્માનની સ્ટોરી સાઉથ ઈન્ડસ્ટ્રીને પણ ગમી. પછી શું, તેની તમિલ રિમેક 'ધરાલા પ્રભુ' બની. આ ફિલ્મ પણ ૨૦૨૦માં રિલીઝ થઈ હતી. ફિલ્મમાં હરેશ કુમાર અને તાન્યા મુખ્ય ભૂમિકામાં હતા. કોર્ટ રૂમમાં તીક્ષ્ણ સવાલ પૂછતી અને દરેક સવાલનો જવાબ આપતી તાપસી પન્નુને કોણ ભૂલી ગયું છે? કાળા કોટમાં અમિતાભ બચ્ચનનું પાત્ર પણ ઘણું પસંદ કરવામાં આવ્યું હતું. ૨૦૧૮માં રિલીઝ થયેલી 'પિંક' મહિલાઓ પર આધારિત ફિલ્મોમાંથી એક છે. આવામાં આ ફિલ્મ તમિલમાં તૈયાર કરવામાં આવી હતી, જે હતી 'નેરકોંડા પારવાઈ'. આ ફિલ્મને દર્શકોનો પણ ઘણો પ્રેમ મળ્યો હતો. જો કમાણી સારી હોય, તો તેલુગુ ઈન્ડસ્ટ્રી ક્યાં પાછળ રહી જાય? ત્યાં પણ તેની રિમેક બની હતી, જેનું નામ 'વકીલ સાબ' હતું. મુન્ના અને સર્કિટની જોડી બોલિવુડના એવા કપલમાંથી એક છે જેણે દર્શકોને હસાવ્યા છે. તેને પોતાના એક્ટિંગથી આપણા દિલમાં પણ ખાસ જગ્યા બનાવી છે. સંજય દત્ત અને અરશદ વારસીની 'મુન્નાભાઈ એમબીબીએસ' ૨૦૦૩માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ સુપરહિટ રહી હતી. રાજકુમાર હિરાનીની ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મ સાઉથની ઘણી ભાષાઓમાં પણ રીમેક કરવામાં આવી હતી. જ્યાં ચિરંજીવી તેલુગુમાં 'શંકર દાદા એમબીબીએસ' તરીકે જોવા મળ્યા હતા. તો તમિલ અને કન્નડમાં પણ ફિલ્મની કોપી કરવામાં આવી હતી. આ લિસ્ટમાં વિદ્યા બાલનની 'કહાની' પણ છે. આ ફિલ્મ ૨૦૧૨માં રિલીઝ થઈ હતી. આ જબરદસ્ત સ્ટોરી લાઈનએ માત્ર ફેન્સના દિલ જીત્યા જ નહીં, પરંતુ વિદ્યાની એક્ટિંગ એટલી શાનદાર હતી કે ફેન્સ તેને જોવા માટે અંત સુધી તેની ખુરશીઓ પર બેસી રહેતા. ફિલ્મની તેલુગુ રિમેક તૈયાર કરવામાં આવી હતી. સાઉથની લોકપ્રિય એક્ટ્રેસ નયનતારાએ આમાં ભૂમિકા ભજવી હતી, આ ફિલ્મ હતી 'અનામિકા'.

# અભિનેતા રણવીર સિંહે પોતાની પોસ્ટ ડિલીટ કરવી પડી

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશે માલદીવના ત્રણ નાયબ પ્રધાનો દ્વારા અપમાનજનક કોમેન્ટ્સ કર્યા પછી, માલદીવમાં પ્રવાસન પર પ્રતિબંધ મૂકવા માટે ભારતમાંથી અવાજો ઉઠવા લાગ્યા છે. એક તરફ માલદીવના ત્રણ નાયબ મંત્રીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી હતી. બોલિવૂડ અને અન્ય સેલિબ્રિટીઓ પણ આ વિવાદમાં કૂદી પડ્યા. લક્ષદ્વીપ અને આંદામાન સહિત ભારતના અન્ય પ્રવાસન સ્થળો વિશે ઘણા લોકોએ પોસ્ટ્સ લખી છે. અભિનેતા રણવીર સિંહે પણ આવી જ પોસ્ટ લખી છે. પરંતુ આ વખતે એક ભૂલ તેને મોંઘી પડી છે. આ ભૂલ બાદ તેણે પોતાની પોસ્ટ ડિલીટ કરવી પડી હતી. રણવીર સિંહે ચાહકોને લક્ષદ્વીપની મુલાકાત લેવા અને અસાધારણ ભારતીય સંસ્કૃતિનો અનુભવ કરવા વિનંતી કરી છે. ચાલો વર્ષ ૨૦૨૪માં ભારતમાં વિવિધ સ્થળોએ પ્રવાસ કરીએ અને તેની સંસ્કૃતિનો અનુભવ કરીએ. તેણે લખ્યું, આપણા દેશમાં જોવા માટે ઘણા મનોહર સ્થળો અને બીચ છે. આ પોસ્ટની સાથે તેણે એક ફોટો પણ પોસ્ટ કર્યો છે. પરંતુ નેટીઝન્સે દાવો કર્યો છે કે આ તસવીર માલદીવની છે. આ પછી ઘણા લોકો રણવીરને ટ્રોલ કરવા લાગ્યા. એકે લખ્યું, હવે રણવીર માલદીવનો બહિષ્કાર કરવા માટે માલદીવની તસવીરનો ઉપયોગ કરી રહ્યો છે.'' બીજાએ કહ્યું કે, 'રણવીરે લક્ષદ્વીપના પ્રચારના નામે માલદીવની તસવીર પોસ્ટ કરી છે.' કેટલાક લોકોએ રણવીરે પોસ્ટ કરેલી તસવીરોમાં ટાપુઓના નામનો પણ ઉલ્લેખ કર્યો છે. આ ટ્રોલિંગ પછી આખરે રણવીરે તેની પોસ્ટ ડિલીટ કરી દીધી અને થોડાં સમય પછી તે જ પોસ્ટ ટ્વિટર પર કોઈ પણ ફોટો વગર શેર કરી છે.






# ગૌહર ખાન દીકરા અને પતિ સાથે વેકેશન એન્જોય કરી રહી છે

બૉલીવૂડ અભિનેત્રી ગૌહર ખાન આજકાલ તેના પતિ અને વ્હાલા દીકરા સાથે ગોવામાં વેકેશન એન્જૉય કરી રહી છે. જેની તસવીરો તેણે હવે ફેન્સ સાથે શેર કરી છે. આ તસવીરોમાં ગૌહર ખાનનો એકદમ મસ્ત એન્ડ હૉટ અંદાજ જોવા મળી રહ્યો છે. રેતીમાં બેસીને એકથી એક ખાસ પૉઝ આપ્યા છે. ગૌહર ખાન પોતાના વ્યસ્ત શિડ્યૂલમાંથી સમય કાઢી રહી છે અને આ દિવસોમાં ગોવામાં વેકેશન માણી રહી છે. જેની તસવીરો તેણે હવે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરી છે. આ તસવીરોમાં ગૌહર ખાન તેના દીકરા અને પતિ ઝૈદ સાથે બીચ પર બેઠેલી પૉઝ આપી રહી છે. તસવીરો શેર કરતી વખતે તેણે લખ્યું, 'લાઈફ...' આ સાથે તેણે હાર્ટ ઈમોજી પણ બનાવી છે. તસવીરોમાં ગૌહર ખાન પ્રિન્ટેડ ડ્રેસમાં જોવા મળી રહી છે. તેનો દીકરા ક્રીમ આઉટફિટમાં જોવા મળ્યો હતો. જો કે, આ તસવીરોમાં પણ કપલે તેમના દીકરાનો ચહેરો જાહેર કર્યો નથી. આ પહેલા ગૌહર ખાન તેની પ્રિય જહાન સાથે એરપોર્ટ પર સુંદર પોઝ આપતી જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે ગૌહર ખાને ઝૈદ દરબાર સાથે લગ્ન કર્યા છે. અભિનેતા હોવા ઉપરાંત, તે સોશિયલ મીડિયા પ્રભાવક પણ છે. તમને જણાવી દઈએ કે ઝૈદ અને ગૌહર ફેન્સનું ફેવરિટ કપલ છે. બંને ગયા વર્ષે એક પુત્રના માતા-પિતા બન્યા હતા.



**ગૌહર ખાન પોતાના વ્યસ્ત શિડ્યૂલમાંથી સમય કાઢી રહી છે અને આ દિવસોમાં ગોવામાં વેકેશન માણી રહી છે**

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

સંજેલી તાલુકા મથકે આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય પરીક્ષા, એકલવ્ય પરીક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષા, જ્ઞાન સાધના પરીક્ષા, સૈનિક શાળા પ્રવેશ પરીક્ષા તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે. જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય




તાલીમ કેન્દ્રો સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના માર્ગદર્શનથી ૧૦મી જાન્યુઆરી રોજ વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# તલોદ તાલુકાના સબરાજીના મુવાડા ગામ ખાતે ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું



। (માહિતી) સાબરકાંઠા, તા.૧૦ ।

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના સબરાજીના મુવાડા ગામે ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. જેમાં ગ્રામજનો દ્વારા રથનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ લીધા હતા.

લાભાર્થીઓને મહાનુ ભવોના હસ્તે સહાય વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમ સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, આયુષ્યમાન ભારત કાર્ડ તેમજ ઉજ્જ્વલા યોજના અંગેના સ્ટોલ ઉભા કરી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, જન પ્રતિનિધિઓ, આગેવાનો, અધિકારી/કર્મચારીશ્રીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં અને શાળાના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સાપ્તાહિક એન.એસ.એસ. કેમ્પનું આયોજન મઘાનીસર ખાતે કરવામાં આવ્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૦ ।

તા.૧૦/૦૧/૨૪ ના રોજ કે.આર. દેસાઈ આર્ટ્સ & કોમર્સ કોલેજ દ્વારા સાપ્તાહિક એન.એસ. એસ વાર્ષિક શિબિર ૨૦૨૩-૨૪ ના સ્વયં સેવકો દ્વારા મઘાનિસર મુખ્ય પ્રાથમિક શાળામાં મુલાકાત લીધી. જેમાં ગામના અગ્રણી મુકેશભાઈ ડામોર, જિલ્લા પંચાયતના સભ્ય સુમનબેન ડામોર, સરપંચ રીંકુબેન શાળાના આચાર્ય તથા કાર્યરત શિક્ષકો પણ હાજર રહ્યા હતા. બાળકોને પોતાનો અને એન.એસ.એસ શું છે અને કઈ રીતે રાષ્ટ્રને સેવા આપવામાં સ્વયં સેવકો પોતાનું યોગદાન આપે છે તે અંતર્ગત બાળકોને પરિચય આપ્યો. તેમજ બાળકો સાથે વર્ગખંડોમાં અલગ અલગ અભિનંયો અને ખુબ આનંદમય વાર્તાલાપ કર્યો હતો.

# પશ્ચિમ રેલવે દ્વારા ૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં બનાવવામાં આવ્યું "અયોધ્યા ધામ જંકશન"ની થીમ પર આધારિત ભારતીય રેલવેનું પેવેલિયન









ગુજરાતના ગાંધીનગરમાં ૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં 'અયોધ્યા ધામ જંકશન' ની થીમ પર આધારિત ભારતીય રેલવેના પેવેલિયનનું એક દ્રશ્ય. પશ્ચિમ રેલવેના મુખ્ય મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા પેવેલિયનની મુલાકાતના વિવિધ દ્રશ્ય.

। અમદાવાદ, તા.૧૦ ।

ભારતીય રેલવેએ પાછલા ૯ વર્ષોમાં ઝડપી ફેરફાર કર્યા છે અને એક પછી એક કેટલીયે સિદ્ધિઓ હાંસલ કરી છે તથા પોતાના આઉટ-ઓફ-ધી-બોક્સ વિચારની સાથે લક્ષ્યાંકોને પાર કર્યા છે. આ સિદ્ધિઓને ૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪ માં પશ્ચિમ રેલવે દ્વારા સ્થાપિત ભારતીય રેલવેના પેવેલિયનમાં આકર્ષક રીતે પ્રદર્શિત કરવામાં આવી છે. આ ગ્લોબલ સમિટનું ઉદઘાટન ૦૯ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિવિધ દેશોના વિદેશી પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી સુમિત ઠાકુર દ્વારા આપવામાં આવેલી એક પ્રેસ રિલીઝ મુજબ ૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભારતીય રેલવેના પેવેલિયનને પુનઃવિકસિત અયોધ્યા જંકશન (ફેઝ-૧) ની થીમ આપવામાં આવી છે. પેવેલિયન પાછલા ૯ વર્ષો દરમિયાન ભારતીય રેલવેની પ્રગતિ અને સિદ્ધિઓનું ચિત્રણ કરે છે, જેમ કે ચિનાબ બ્રિજ – જે વિશ્વનો સૌથી ઊંચો સ્ટીલ આર્ક બ્રિજ છે. પેવેલિયનમાં ડિજિટલ પેનલ અને સૂચના પેનલ સહિત કેટલાક વિભાગ છે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષા, સુરક્ષા, માલ લોડિંગ, પર્યાવરણ મિત્રતા વગેરે જેવા વિવિધ પાસાઓમાં ભારતીય રેલવેની પ્રગતિ અને સિદ્ધિઓને પ્રદર્શિત કરે છે. પેવેલિયનમાં ઈન્ફોર્મેશન ફાઉન્ટેન ભારતીય રેલવેની કેટલીક પ્રમુખ પરિયોજનાઓ પર ડિજિટલ બ્રોશર અને લઘુ વીડિયો મારફતે વિગતવાર માહિતી આપે છે. પેવેલિયનમાં ચિનાબ બ્રિજનું એક મોડલ પ્રદર્શિત કરવામાં આવ્યું છે જે ભારતીય રેલવેની એન્જિનિયરીંગ ઉત્કૃષ્ટતાનું આકર્ષણ દર્શાવે છે. આના સિવાય, ભીડ એકઠી કરનાર વર્ચ્યુઅલ રિયાલિટી (વીઆર) અનુભવ છે, જે દર્શકોને લોકો પાયલોટના કેબિનથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ગતિનો અનુભવ કરાવે છે, સ્ટ્રાઈક ધી હેમર – એક ગેમીફાઈડ ડિસ્પ્લે છે જેના પર એક વ્યક્તિએ ટ્રેન ચલાવવા માટે હથોડો મારવાનો હોય છે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અને અન્ય ટ્રેનોના વર્કિંગ મોડલ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મનોરંજન માટે અને આગંતુકોના જ્ઞાનના પરિક્ષણ માટે એક રેલવે-આધારિત પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી ઠાકુરે જણાવ્યું કે ૧૦મા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉદઘાટનના દિવસે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર એ પશ્ચિમ રેલવેના અન્ય સિનિયર અધિકારીઓની સાથે ગાંધીનગર, ગુજરાતમાં ભારતીય રેલવેના પેવેલિયનની મુલાકાત લીધી અને પેવેલિયનને સફળ બનાવવામાં થયેલા પ્રયાસોની પ્રશંસા કરી.

# કાંકરેજ તાલુકાના કાકર ગ્રામ પંચાયત ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત લોકોને સરકારની વિવિધ યોજનાઓથી વાકેફ કરાયા



(માહિતી બ્યુરો)
। પાલનપુર, તા.૧૦ ।

બનાસકાંઠા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ કાંકરેજ તાલુકામાં ફરી રહ્યો છે.જેના ભાગરૂપે કાંકરેજ તાલુકાના કાકર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચતાં ગ્રામજનો દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ લોકોને સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાનો લાભ મેળવવા અંગે યોજના-કીય માહિતી પૂરી પાડવામાં આવી હતી.

રથ દ્વારા ગામમાં કુલ ૩૨૬ જેટલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાયા હતા. ૧૩ જેટલા લાભાર્થીઓના આયુષ્માન કાર્ડની નોંધણી કરાઈ હતી. તેમજ ૨ લાભાર્થી ઓને આયુષ્યમાન કાર્ડ વિતરણ કર્યા હતા. ઉપરાંત જનધન યોજના, જીવન જ્યોતિ બીમા યોજના, શિષ્યવૃતિ યોજના, સેલ્ફ હેલ્પ ગ્રુપ સહિતની યોજનાના સ્ટોલ દ્વારા વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત ૩૮૪ લાભાર્થીઓએ વિકસિત ભારત બનાવવાના સંકલ્પના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે કાકર ગામના સરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, આરોગ્ય કર્મચારીઓ, આંગણવાડી કાર્યકર બહેનો, વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ અને ગ્રામજનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૬ જાન્યુઆરીની ભુજ-શાલીમાર એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૧૦ ।

દક્ષિણ પૂર્વ મધ્ય રેલ્વેના અનુપપુર સ્ટેશન પર નોન ઈન્ટરલોકિંગ કામ ને કારણે ભુજ-શાલીમાર-ભુજ એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જેની વિગતો આ પ્રકારે છે :

૧૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ભુજથી ચાલતી ટ્રેન નંબર ૨૨૮૨૯ ભુજ-શાલીમાર એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શાલીમારથી ચાલતી ટ્રેન નંબર ૨૨૮૩૦ શાલીમાર ભુજ એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# બોટાદ જિલ્લાની યુવાપ્રતિભા ઈશા રત્નાકર નાંગર યુવાનો માટે પ્રેરણાનું ઝરણું

# ઈશાએ ચેસની રમતમાં મેળવી રાષ્ટ્રીય સ્તરે સિદ્ધી: લેખન-વાંચન, ગાયન, સંગીત, શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધા સહિતના ક્ષેત્રોમાં પારંગત





। (માહિતી બ્યુરો) બોટાદ ।


મહત્વકાંક્ષી યુવાનો કે જે મોટાં સ્વપ્ન જોવે છે અને તે સ્વપ્નોને વાસ્તવિકતામાં ફેરવવા માટે અથાક મહેનત કરે છે. સ્વપ્નથી વાસ્તવિકતા સુધીની તેમની સફર સમર્પણ અને તેમની ક્ષમતાઓ પર વિશ્વાસનું પરિણામ છે. યુવાનો જેમજેમ પોતાના લક્ષ્ય તરફ આગળ વધે છે તેમતેમ તેમના ભાગ્યને આકાર મળે છે, સાથેસાથે અન્ય લોકોને પણ ખંતપૂર્વક કાર્ય કરવા પ્રેરણા આપે છે.

રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત યુવા પ્રતિભા શ્રેણીમાં આપણે આજે મળીશું બોટાદના આવા જ એક યુવાતારલાને, જે અન્ય યુવાનો માટે દીવાદાંડી સમાન છે.

વર્તનમાં સૌમ્ય અને દમદાર અવાજ.. ચેસની રમતમાં તો એવી નિષ્ણાત કે ભલભલાને વિચારતા કરી દે....અવાજ એટલો સુમધુર કે હાર્મોનિયમ સાથે સૂર છેડે તો સુંદર ધૂન બની જાય...લેખન અને વાંચનમાં પણ અવ્વલ...યુવા પ્રતિભા શ્રેણી અંતર્ગત આજે વાત બોટાદની ઈશા રત્નાકર નાંગરની.... દેશની ખ્યાતનામ અગ્રણી શિક્ષણ સંસ્થા આઈ.આઈ.ટી.ઈ-ગાંધીનગરમાં અભ્યાસ કરતી ઈશાની તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલી ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઈન્ડિયા ઝોન ગર્લ્સ ચેસ ટુર્નામેન્ટમાં પસંદગી થઈ હતી. આ ટુર્નામેન્ટમાં તેણીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. ઈશાએ વિવિધ ઈવેન્ટમાં આઠ વખત સ્ટેટ લેવલ અને ત્રણ વખત નેશનલ લેવલની સિદ્ધિ મેળવી છે. ચેસબોર્ડ પર વ્યૂહાત્મક ચાલથી આગળ ઈશાની નિપુણતા સાહિત્ય ક્ષેત્ર સુધી વિસ્તરી છે, ઈશા લેખન-વાંચન, ગાયન, સંગીત, વક્તૃત્વ સ્પર્ધા, શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધા સહિતના ક્ષેત્રોમાં પારંગત છે. ઈશા ગાયનમાં ૨૦થી વધુ રાગો જાણે છે અને શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી રહી છે. ઈશાને વિવિધ ક્ષેત્રોમાં ૧૦૦થી વધુ શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત થયા છે સાથોસાથે ઈશા એન.સી.સીની શિસ્તબદ્ધ કેડેટ છે અને સારી બેડમિન્ટન ખેલાડી પણ છે.

ઈશા પોતાની આગવી શૈલીમાં કહે છે કે, "મને ચેસ રમતા નહોતું આવડતું, પરંતુ મારા નાના ભાઈ અને મારા પિતાએ મને આ રમત સાથે પરિચય કરાવ્યો હતો. ધીમેધીમે મારી રૂચિ વધતી ગઈ અને હું રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી શકી. રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અને કલા મહાકુંભ જેવી સ્પર્ધાઓમાં ભાગ લેવાથી મને અપાર આત્મવિશ્વાસ મળ્યો હતો. આ સિવાય મને ગાયન અને વાદનમાં પણ ખૂબ રૂચિ છે. હું શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે હાર્મોનિયમ-ગાયન શીખી રહી છું. લેખન અને વાંચનમાં પણ મને ખૂબ જ રસ છે. મારો બાળકાવ્ય સંગ્રહ "રંગભર્યા આકાશમાં" બાળકોમાં ખૂબ પ્રિય છે. આ કાવ્ય સંગ્રહનું વિમોચન પૂજ્ય મોરારી બાપૂના હસ્તે કરવામાં આવ્યું હતું. મારા રમતગમત અને કળા ક્ષેત્રે આ તમામ સિદ્ધિઓ મારા માતા-પિતા અને મારા પરિવારના અતૂટ સમર્થનને કારણે શક્ય બની છે." યુવાનોને સંદેશ આપતા ઈશા જણાવે છે કે, "યુવાનોએ વ્યસન અને ફેશનમાંથી મુક્ત થવું જોઈએ. ટેક્નોલોજીની મદદથી આપણેવાંચનઅનેકળાવિકસાવવીજોઈએઅનેતેનો સદઉપયોગ કરવો જોઈએ અને યુવાધને રાષ્ટ્ર માટે સમર્પિત થઈને કાર્યો કરવા જોઈએ." તો છે ને બોટાદ જિલ્લાનું આ અણમોલ રત્ન અન્ય માટે પ્રેરણાનું ઝરણું! યુવા પ્રતિભા શ્રેણીમાં આપણે બોટાદ જિલ્લાના આવા જ હોનહાર યુવારત્નો સાથે મુલાકાત કરીશું. આ પ્રતિભાવાન યુવાનો તેમના દરેક શબ્દ અને દરેક પ્રવૃત્તિ થકી અન્ય યુવાનો માટે દિશાસૂચક બની રહેશે અને આપણી આ સફર યુવા પેઢીમાં રહેલી સંભવિતતાનો પુરાવો આપશે.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.


**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.


**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મનમાં શાંતિ પણ હશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.


**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.


**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો.


**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.


**તુલા (ર,ત) :**
આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.


**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે.


**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.


**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.


**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દષ્ટિકોણથી જોવાની કોશિષ કરો.


**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારા દિલ પર રોમાન્સનું રાજ હશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે.

### માલદીવ્સ પર જેની એક પોસ્ટથી ભારે વિવાદ થયો

# રોશન સિંહાને સોશિયલ મીડિયા પર જાનથી મારવાની ધમકીઓ

। નવી દિલ્હી, તા.૧૦ ।

રોશન સિંહાએ પીએમ મોદીની લક્ષદ્વીપમાં પ્રવાસન વધારવાની અપીલને રી-ટ્વીટ કરતાં માલદીવની સરકારને ચીનની કઠપૂતળી સરકાર ગણાવી હતી. આ પછી સોશિયલ મીડિયા પર યુદ્ધ ફાટી નીકળ્યું હતું. આ લડાઈમાં કૂદી પડેલા માલદીવના એક, બે નહીં પરંતુ ત્રણ મંત્રીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. દરમિયાન સિંહાને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી અને સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી. આ તસવીરો અને પીએમ મોદીની મુલાકાતને ભારતમાં ડોમેસ્ટિક ટુરીઝમને પ્રોત્સાહન આપવાનું પગલું માનવામાં આવતું હતું. દરમિયાન, એક ભૂતપૂર્વ વપરાશકર્તા શ્રી સિંહાએ કંઈક લખ્યું જેણે સોશિયલ મીડિયા પર યુદ્ધ શરૂ કર્યું. આ લડાઈમાં કૂદી પડેલા માલદીવના એક, બે નહીં પરંતુ ત્રણ મંત્રીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. માલદીવની સરકારે સ્પષ્ટતા આપવી પડી, છતાં ભારતીયોએ માલદીવનો બહિષ્કાર કર્યો છે અને લોકો માલદીવની સરકારને ભારત વિરોધી ગણાવી રહ્યા છે.

ખરેખર, શ્રી સિંહાનું પૂરું નામ રોશન સિંહા છે અને તેઓ રાજકીય વિશ્લેષક છે. તેણે સોશિયલ મીડિયા સાઈટ એક્સપર પીએમ મોદીનો એક વીડિયો શેર કર્યો હતો. લક્ષદ્વીપમાં પ્રવાસન વધારવાની પીએમ મોદીની અપીલને રી-ટ્વીટ કરતા સિંહાએ માલદીવની સરકારને ચીનની કઠપૂતળી સરકાર ગણાવી હતી. તેણે લખ્યું, ‘‘કેટલું સરસ પગલું! માલદીવની નવી ચીનની કઠપૂતળી સરકાર માટે આ મોટો ફટકો છે. ઉપરાંત, તેનાથી લક્ષદ્વીપમાં પ્રવાસનને વેગ મળશે." આ પોસ્ટથી માલદીવના યુવા સશક્તિકરણ, માહિતી અને કલાના નાયબ મંત્રી મરિયમ શિયુના નારાજ થઈ ગયા. સિન્હાની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા માલદીવના નેતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ‘જોકર’ અને ‘ઈઝરાયલની કઠપૂતળી’ ગણાવ્યા હતા. આ મામલે સોશિયલ મીડિયા પર ભારે હોબાળો થયો હતો. જે બાદ માલદીવમાં સત્તાધારી પક્ષના અન્ય બે નેતાઓની સાથે શિયુનાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સિંહા ગુજરાતમાં રહેતા બિઝનેસમેન છે. તે મૂળ બિહારનો છે.

### દેશમાં હાઈવે પર થતા અકસ્માતોની સંખ્યામાં વધારો

# આગરાના નેશનલ હાઈવે પર ટ્રકે ૨૦ વાહનને અડફેટે લેતાં ૩નાં મોત

। આગરા, તા.૧૦ ।

દેશમાં હાઈવે પર થતા અકસ્માતની ઘટનામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે આગરાના નેશનલ હાઈવે નંબર ૧૯ પર એક ભયાનક અકસ્માતની ઘટના બની છે જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે જ્યારે ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ ઘટનાની મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના આગરાના નેશનલ હાઈવે નંબર ૧૯ પર એક ભયાનક રોડ અકસ્માતની દુર્ઘટના બની છે જેમાં એક પુરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે લગભગ ૨૦ વાહનોને હડફેટે લીધા હતા, જેમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે જ્યારે ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ પોલીસે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી છે અને તેના વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર નેશનલ હાઈવે નંબર ૧૯ પર શાકભાજીની માર્કેટ પાસે પોલીસના બેરિકેડ લગાવવામાં આવ્યા હતા, જ્યાંથી એક પછી વાહનો એક ધીરે - ધીરે પસાર થઈ રહ્યા હતા ત્યારે મથુરા તરફથી પુરપાટ ઝડપથી આવી રહેલા ટ્રકે આગળ ચાલી રહેલા ૨૦ વાહનોને કચડી નાખ્યા હતા. આ અકસ્માત સર્જીને ટ્રક ચાલકે ઘટનાસ્થળેથી ભાગવનો પ્રયાસ કર્યો હતો, જો કે સ્થળ પર હાજર લોકોએ તેને ઝડપી લીધો હતો અને મેથીપાક ચખાડ્યો હતો.

આ પછી ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે આ ઘટના અંગે જણાવ્યું હતું કે તેમને શંકા છે કે ટ્રક ચાલક નશામાં હતો. આ ઉપરાંત કહ્યું હતું કે હજુ સુધી મૃતકો તેમજ ઘાયલોની ઓળખ થઈ શકી નથી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે ટ્રક આગળ ઉભેલા વાહનોને કચડીને આગળ જાય છે.



નવી દિલ્હીમાં સંગમ વિહાર ખાતે વિક્ષિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન ૨૦૨૪નું કેલેન્ડર લોકોને આપવામાં આવ્યા હતાં.

# કલમ ૩૭૦ દૂર કરાઈ ત્યારે ઈમરાન ખાન ચાલ અસ્થિર થઈ ગઈ હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

જમ્મુ અને કાશ્મીર અંગેના સંવિધાનના અનુચ્છેદ ૩૭૦ દૂર કરાયાના સમાચારો જાણી પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ચાલ થોડો સમય અસ્થિર થઈ ગઈ હતી અને તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર તૂટી પડયા હતા, તેઓને ખાને ફાસીસ્ટ કહ્યા, કટ્ટર હિન્દુવાદી પણ કહી દીધા હતા.

પાકિસ્તાન ખાતેના ભારતના પૂર્વ હાઈકમિશનર અજય બિસારિયાએ તેઓના પુસ્તક એન્ગર મેનેજમેન્ટ : ’ધી ટ્રબલ્ડ ડીપ્લોમેટિક રીલેશન્સ બીટવીન ઈન્ડિયા એન્ડ પાકિસ્તાન’માં લખ્યું છે કે, તે સમયે ઈમરાન ખાન વડાપ્રધાન પદે હતા. ત્યારે વિપક્ષોએ તેમને ગળેથી પકડી કહ્યું કે, તેમનો કાશ્મીર પ્રશ્ન તમારા પદની મુદત દરમિયાન જ ઉકેલવાનાં વચનો આપતા હતા હવે તે ક્યાં ગયા ?’ ઈમરાન ખાને તો એક વખત તે હિન્દુવિવાદી સામે જેહાદ (ધર્મ-યુદ્ધ) જગાવવા માટે પણ કહ્યું હતું પરંતુ, તે કશું બની ન શક્યું. બીજી તરફ ઈમરાન ખાન સામે રાજકીય કટોકટી ઉભી થઈ. જે અનુચ્છેદ ૩૭૦ દૂર કરાયા પછી ત્રણ વર્ષમાં તો અત્યંત ગંભીર બની ગઈ. તેઓની સામે અવિશ્વાસની દરખાસ્ત સંસદમાં રજૂ થઈ, છેવટે તેમને જવું પડયું. તેમ પણ બિસારીયાએ તે પુસ્તકમાં જણાવ્યું છે. ૧૦ એપ્રિલ, ૨૦૨૨ની મધરાતે આખરે અવિશ્વાસની દરખાસ્તને લીધે ઈમરાન ખાનને જવું પડયું તે પછી બે કુટુંબો શરીફ અને ભુટ્ટો કુટુંબ આગળ આવ્યા અને શહબાઝ શરીફ વડાપ્રધાન થયા. બિલાવલ ભૂટ્ટો નાણાં પ્રધાન બન્યા.

# ચાલુ ક્રિકેટ મેચમાં ૩૪ વર્ષના ખેલાડીનું હાર્ટએટેકથી મોત

। (એજન્સી) નોઈડા, તા.૧૦ ।

નોઈડામાં ક્રિકેટ મેચ દરમિયાન એક ૩૪ વર્ષીય ખેલાડીનું હાર્ટ એટેકના કારણે મૃત્યુ થયું હતું. મૃતકનું નામ વિકાસ નેગી છે. તે એક એન્જિનિયર હતો. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. નોઈડાના સેક્ટર ૧૩૫માં બનેલા સ્ટેડિયમમાં માવરિક-૧૧ અને બ્લેઝીંગ બુલ્સની ટીમ વચ્ચે એક ક્રિકેટ મેચ રમાઈ હતી. માવરિક-૧૧ની બેટિંગ દરમિયાન ઉમેશ કુમાર અને વિકાસ નેગી ક્રિઝ પર હતા. ઉમેશે ૧૪મી ઓવરના ૫માં બોલ પર શોટ ફટકાર્યો અને નોન-સ્ટ્રાઈકર એન્ડ પર રહેલો વિકાસ રન લેવા દોડ્યો. બોલ બાઉન્ડ્રી સુધી પહોંચી ગયો અને ઉમેશ સાથે હાથ મિલાવીને વિકાસ પાછો ફરવા લાગ્યો ત્યારે જ અચાનક તે પિચ પર ઢળી પડ્યો. તેને જોઈ સૌથી પહેલા વિકેટકીપર તેની પાસે દોડી આવ્યો, ત્યારબાદ બોલર અને બેટ્સમેન પણ તેની તરફ દોડ્યા. તમામ ખેલાડીઓ વિકાસના આસપાસ એકઠા થઈ ગયા હતા. ખેલાડીઓએ તેણે CPR આપ્યું હતું. ત્યારબાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

### ભારત અફઘાનિસ્તાન સામે છેલ્લી ટીર૦ શ્રેણી રમશે

# રોહિત અને વિરાટ ટીર૦ વર્લ્ડ કપમાં ઓપનિંગ કરે એવા સંકેત

### ૨૦૨૧માં કેપ્ટન રહેલા કોહલી આ માટે ખાસ તૈયારીઓ પણ કરી હતી, તેણે આઈપીએલમાં ઓપનિંગ કર્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૦ ।

ભારત આ વર્ષે યોજાનાર ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૪ પહેલા અફઘાનિસ્તાન સામે છેલ્લી ટીર૦આઈસીરિઝ રમશે. આ સીરિઝ પહેલા ભારતની ટીર૦ ક્રિકેટ ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વાપસી થઈ છે. જો કે આ ટીર૦ વર્લ્ડ કપપહેલા એક ચર્ચા શરુ થઈ છે કે આ વર્લ્ડકપમાં રોહિત શર્માની સાથે વિરાટ કોહલી ભારતીય ઈનિંગની શરૂઆત કરી શકે છે.

વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ના ટીર૦વર્લ્ડ કપપહેલા એવી ઘણી ચર્ચા હતી કે કોહલી રોહિત સાથે ઓપનિંગ કરી શકે છે. વર્ષ ૨૦૨૧માં કેપ્ટન રહેલા કોહલી આ માટે ખાસ તૈયારીઓ પણ કરી હતી. તેણે આઈપીએલમાં ઓપનિંગ કર્યું હતું. આ ઉપરાંત તેણે ઈંગ્લેન્ડ સામે રમાયેલી ટી્ર૦આઈસીરિઝમાં રોહિત સાથે ઓપનિંગ પણ કર્યું હતું.

વિરાટ કોહલીનો ટીર૦આઈમાં ઓપનર તરીકે શાનદાર રેકોર્ડ રહ્યો છે. તેણે અત્યાર સુધી ભારત માટે ઈનિંગની શરૂઆત કરતા ૯ ઈનિંગ્સમાં ૫૭.૧૪ની એવરેજ અને ૧૬૧.૨૯ની સ્ટ્રાઈક રેટથી ૪૦૦ રન બનાવ્યા છે. જેમાં



તેણે ત્રણ વખત ૫૦થી વધુ રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સર્વોચ્ચ સ્કોર અણનમ ૧૨૨ રનનો છે. વિરાટે ટીર૦માં ભારત માટે અત્યાર સુધી રાહુલ અને રોહિત સહિત ૫ બેટ્સમેનો સાથે ઓપનિંગ કર્યું છે. રાહુલ અને વિરાટે અત્યાર સુધી ૫ ઈનિંગ્સમાં ૨૦૯ રનની ઓપનિંગ ભાગીદારી કરી છે. જેમાં એક ૧૦૦ રનની ભાગીદારી પણ સામેલ છે. જયારે રોહિત સાથે વિરાટે માત્ર એક વખત ઓપનિંગ કર્યું છે. ઈંગ્લેન્ડ સામેની આ ટીર૦આઈમેચમાં બંને ખેલાડીઓએ ૯૪ રનની ભાગીદારી કરી હતી. આ ઉપરાંત વિરાટે શિખર ધવન, ગૌતમ ગંભીર અને મુરલી વિજય સાથે પણ ઓપનિંગ કર્યું છે. વિરાટે ધવન સાથે ૬૪ રન, ગંભીર સાથે ૨૬ રન અને વિજય સાથે ૧૮ રનની ઓપનિંગ ભાગીદારી નોંધાવી હતી.

IPLમાં ઓપનિંગ કરતી વખતે વિરાટે ૯૮ ઈનિંગ્સ રમી છે. જેમાં તે ૧૫ વખત અણનમ રહ્યો છે. આ દરમિયાન તેણે ૪૩.૫૧ની એવરેજ અને ૧૩૫.૪૫ની સ્ટ્રાઈક રેટથી ૩૬૧૧ રન બનાવ્યા છે. જેમાં ૭ સદી અને ૨૬ ફિફ્ટી સામેલ છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ અફઘાનિસ્તાન સામે આ જોડીને ઓપનિંગ માટે પસંદ કરી શકે છે. વિરાટ અને રોહિત જો ઓપનિંગ કરે છે તો વિપક્ષી ટીમ દબાણમાં આવી શકે છે. જો કે આનું એક નુકસાન એ પણ છે ભારતીય ટીમના મિડલ ઓર્ડરમાં અનુભવી બેટ્સમેનનો અભાવ હશે. એવું માનવામાં આવી રહ્યું છે કે આ વર્લ્ડકપ આ બંને ખેલાડીઓનું છેલ્લું વર્લ્ડકપ હશે. આવી સ્થિતિમાં બંને અનુભવી ખેલાડીઓને અફઘાનિસ્તાન સામે આગામી ટીર૦આઈસીરિઝમાં ઓપનિંગમાં ટીમને એક મજબૂત શરૂઆત આપવાની જવાબદારી લેતા જોઈ શકાય છે.

### રામ મંદિરના અભિષેકને કારણે ભારે ઉત્સાહ

# પ્રસૂતી માટે મહિલાઓમાં ૨૨ જાન્યુઆરીની ભારે માગ



। (એજન્સી) લખનૌ, તા.૧૦ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરના ભવ્ય અભિષેકને કારણે ગર્ભવતી મહિલાઓમાં ભારે ઉત્સાહ છે. રાજ્યભરના તબીબો પર ૨૨ જાન્યુઆરીએ બાળકની ડિલિવરી કરાવવાનું ભારે દબાણ છે. ગર્ભવતી મહિલાઓ ૨૨મી જાન્યુઆરીએ જ પોતાના બાળકને જન્મ આપવા માંગે છે. તેની માંગ સાંભળીને ડોક્ટરો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. મહિલાઓ અને ડોક્ટરોએ બાળકોના નામ પણ નક્કી કરી લીધા છે. મેરઠના એક વરિષ્ઠ ડોક્ટરનું કહેવું છે કે જો છોકરો જન્મે તો તેને દીકરો કહેવાય અને જો છોકરીનો જન્મ થાય તો લક્ષ્મી આવી ગઈ કહેવાય, પરંતુ હવે ૨૨ જાન્યુઆરીએ પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે જો બાળક થાય છે. જન્મ પછી તેને રામ તરીકે સંબોધવામાં આવશે. કરશે અને જો તે છોકરી હશે તો તેને જાનકી કહેવામાં આવશે. પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે બાળકોને જન્મ આપવા માટે હોસ્પિટલોમાં યુગલોની કતારો જોવા મળે છે. આવા દંપતીઓ સતત ડોક્ટરો સુધી પહોંચીને કહી રહ્યા છે કે તેઓ તેમના બાળકોનો જન્મ ૨૨ જાન્યુઆરીએ જ કરાવવા માંગે છે. ડોક્ટર્સનું કહેવું છે કે જો સિઝેરિયન કરવું હોય તો એક અઠવાડિયા સુધી રાહ જોઈ શકાય છે અને ૬-૭ દિવસના ગેપ પછી ૨૨ જાન્યુઆરીએ જ સિઝેરિયન થઈ શકે છે. ડોક્ટરોનું કહેવું છે કે આ ક્રેઝ સામાન્ય રીતે જન્માષ્ટમી, દિવાળી કે નવા વર્ષની આસપાસ થાય છે, પરંતુ દેશ ૨૨ જાન્યુઆરીએ તમામ તહેવારો એકસાથે ઉજવતો હોવાથી અહીં પાંચસો વર્ષ પછી રામ લલ્લાનો ભવ્ય અભિષેક થવા જઈ રહ્યો છે.રામ જાનકીનો આ ક્રેઝ બતાવે છે કે આપણા દેશમાં વિશ્વાસના મૂળ કેટલા મજબૂત છે.

ડૉક્ટરો કહે છે કે સગર્ભા માતાઓ ઘણીવાર પાદરીઓ પાસેથી શુભ તારીખ અને સમય શોધી કાઢે છે અને તે દિવસે ડિલિવરીની વિનંતી કરે છે. દંપતીઓ નિર્ધારિત સમય અને તારીખે બાળકોને જન્મ આપે છે કારણ કે માતાઓ અને પરિવારના સભ્યો પાદરીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરે છે. ’મુહૂર્તા’ (શુભ સમય) પર ડિલિવરી પર મૂકવામાં આવે છે.

ડોકટરોના જણાવ્યા મુજબઃ તે ચિંતાજનક છે કે કેટલીકવાર કુટુંબના સભ્યો અપેક્ષા રાખે છે કે અમે માતા અને બાળક માટે ઊભી થતી ગૂંચવણોને અવગણીએ. માતાઓ માને છે કે ભગવાન રામ બહાદુરી, અખંડિતતા અને આજ્ઞાપાલનનું પ્રતીક છે, તેથી મંદિરમાં ’પ્રાણ પ્રતિષ્ઠા’ ના દિવસે જન્મેલા બાળકોમાં પણ સમાન ગુણો હશે,એમતેમણે કહ્યું.

## વિશેષ

### ઇન્ડસ્ટ્રી, ઓટોમેટીવ અને કલીન એનર્જી ક્ષેત્રે સહભાગીતા કરવા માટે પરામર્શ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચેક રિપબ્લિકના વડાપ્રધાન પૈત્રા ફિયાલા સાથે મુલાકાત બેઠક યોજી

### વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ચેક રિપબ્લિકના વડાપ્રધાન સહભાગી થાય તે હવે એક પરંપરા બની ગઈ છે : ચેક રિપબ્લિકના વડાપ્રધાન પૈત્રા ફિયાલા





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ચેક રિપબ્લિકના વડાપ્રધાન શ્રી પૈત્રા ફિયાલા સાથે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત ગાંધીનગરમાં મુલાકાત બેઠક યોજી હતી. પૈત્રા ફિયાલા રાષ્ટ્ર અધ્યક્ષ હોવાના નાતે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૪માં ચીફ ગેસ્ટ તરીકે સહભાગી થયા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ૨૦૦૧ માં ગુજરાતે ભયંકર ભૂકંપનો માર વેઠ્યો હતો. ઉપરાંત પાણીની ભારે અછત પણ ગુજરાતી ભોગવી છે. આ બધી મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી ગુજરાતને બહાર લાવવા અને વિકાસના માર્ગે ગતિમાન બનાવવા માટે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પરંપરા ૨૦૦૨૩માં શરૂ કરાવી હતી. આ સમિટે ગુજરાતની ગ્રોથ સ્ટોરીના ઉજળા અધ્યાયનો આરંભ કર્યો, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત અમૃતકાળમાં વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટેનું વિઝન પ્રસ્તુત કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝન અને વૈશ્વિક મંચ ઉપર ગુજરાતની ક્ષમતાઓને ઉજાગર કરવામાં વાઈબ્રન્ટ સમિટના ભૂમિકા અંગે વિષદ છણાવટ કરી હતી.

શ્રી પૈત્રા ફિયાલાએ જણાવ્યું કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ચેક રિપબ્લિકના વડાપ્રધાન સહભાગી થાય તે હવે એક પરંપરા બની ગઈ છે. તેઓએ કહ્યું કે, આ પૂર્વેની વાઈબ્રન્ટ સમિટમાં તેમના પૂર્વગામી વડાપ્રધાન સહભાગી થયા હતા અને હવે તેઓને વાઈબ્રન્ટ સમિટની આ ૧૦મી એડિશનમાં સામેલ થવાની તક મળી છે. આ બેઠકમાં ઈન્ડસ્ટ્રી, ઓટોમેટીવ અને ક્લીન એનર્જી ક્ષેત્રે સહભાગીતા કરવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ગોંડલમાં આધારકાર્ડની ઢીલી કામગીરીથી સ્થાનિકો પરેશાન

| ગોંડલ, તા.૧૦ |

રાજકોટના ગોંડલમાં આધારકાર્ડનું કામ જ અદ્ધરતાલ છે. ગોંડલીની દેવપરા પોસ્ટ ઓફિસ બહાર આધારકાર્ડની કામગીરી થાય છે. ઓફિસ બહાર લાંબી કતારો,ટોકન લેવા માટે અરજદારની પડાપડી થઈ રહી છે. આધારકાર્ડ બનાવડાવા રોજના ત્રણચાર ધક્કા ખાવાનો વારો ગોંડલવાસીઓને આવ્યો છે. આધાર જેવા મહત્વના દસ્તાવેજ વગર આજે ચાલે નહીં. કારણ કે દરેક કામમાં આધારકાર્ડની જરૂર હોય પરંતુ અહીં આધારકાર્ડ કાઢવાની ઢીલી કામગીરી અને અવારનવાર ટેક્નિકલ ક્ષતિને કારણે અરજદારોનું કામ ટલ્લે ચડી જાય છે. હવે પ્રશ્ન થાય કે પોસ્ટ ઓફિસમાં આધારકામનું ભારણ વધારે હોય તો બીજા કેન્દ્ર પર આધારકાર્ડ કઢાવી શકાય.

### ઉમરપાડામાં પશુઓને કતલખાને લઇ જતી પીકઅપ વાન ઝડપાઇ

| ઉમરપાડા, તા.૧૦ |

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના કદવાલી ત્રણ રસ્તા પાસેથી ઉમરપાડા પોલીસે ચોક્કસ માહિતીના આધારે કતલખાને લઈ જવાતા પશુઓને બચાવી લીધા હતા. આ મામલે પોલીસે બે ઈસમોની ધરપકડ કરી એકને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના કદવાલી ત્રણ રસ્તા પાસેથી ઉમરપાડા પોલીસે ચોક્કસ માહિતીના આધારે કતલખાને લઈ જવાતા પશુઓને બચાવી લીધા હતા. આ મામલે પોલીસે બે ઈસમોની ધરપકડ કરી એકને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અમદાવાદમાં ફ્લાવર શોમાં અમદાવાદીઓનો ઉત્સાહ

# અમદાવાદના ફ્લાવર શોને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું

| અમદાવાદ, તા.૧૦ |

અમદાવાદમાં AMC દ્વારા રિવરફ્રન્ટ ખાતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કરોડો રૂપિયાનાં ખર્ચે ફ્લાવર શો નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે ફ્લાવર શો માં અને આકર્ષક સ્કલ્પચર બનાવવામાં આવ્યા હતા. એએમસી દ્વારા આયોજન કરેલ ફ્લાવર શો એ રેકોર્ડ બનાવ્યો હતો. જેમાં લોંગેસ્ટ ફ્લાવર સ્ટ્રક્ચર માટે અમદાવાદ ફ્લાવર શો ને ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું. અગાઉ આ રેકોર્ડ ૧૬૬ મીટરનો ચીનનાં નામે હતો. તા. ૩૧ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી ચાલનારા ફ્લાવર શો માં ૧૧ દિવસમાં કુલ ૫ લાખ ૭૩ હજારથી વધુ ટિકિટનું વેચાણ થયું હતું. AMC નાં ફ્લાવર શો માં ૩ કરોડ ૪૫ લાખની આવક થવા પામી હતી. ત્યારે કુલ ૭ લાખ ૬૦ હજાર મુલાકાતીઓએ ફરી ફ્લાવર શો ની મુલાકાત લીધી હતી. ૫૦ થી વધુ શાળાનાં બાળકોએ પણ ફ્લાવર શો ની મુલાકાત લીધી હતી. ૩૧ ડિસેમ્બરથી ફ્લાવર શો રિવરફ્રન્ટનાં ઈવેન્ટ સેન્ટર ખાતે શરૂ થયો છે. AMC દ્વારા કરોડના ખર્ચે ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ફ્લાવર શો માં વિવિધ સ્કલ્પચર પણ ઉભા કરવામાં આવ્યા છે. તેમજ G 20, સ્પોર્ટ્સ, ઋષિમુનિ, હનુમાનજીના સ્કલ્પચર મૂકવામાં આવ્યા છે. બે વર્ષ બાદ ફ્લાવર શો યોજાઈ રહ્યો છે. ત્યારે ૩૧ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી ફ્લાવર શો નું આયોજન કરવામાં આવ્યું છે. ૩૩ સ્કલ્પચર બનાવવામાં આવ્યા. અમદાવાદ ખાતે એએમસી દ્વારા દર વર્ષે શિયાળામાં ફ્લાવર શો નું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પર ૧ જાન્યુઆરીથી રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શો નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ વખતે ફ્લાવર શો માં ૫.૪૫ કરોડનાં ખર્ચે ૩૩ સ્કલ્પચર બનાવવામાં આવ્યા હતા.




### ચાલુ વર્ષે અકસ્માતના કેસમાં ૨૬ ટકા વધારો થવા વકી

# ઉત્તરાયણના તહેવારને લઈને ૧૦૮ ઈમરજન્સી દ્વારા તૈયારીઓ કરાઈ

### ૮૦૦ રોડ એમ્બ્યુલન્સ, ૨ બોટ એમ્બ્યુલન્સ અને ૧ એર એમ્બ્યુલન્સ તૈયાર કરવામાં આવી

| અમદાવાદ, તા.૧૦ |

ઉત્તરાયણનાં તહેવારને હવે ગણતરીનાં દિવસ બાકી છે. ત્યારે પતંગ લૂંટવાની લ્હાયમાં ધાબા પરથી પડવાનાં તેમજ વાહન ચાલકોને દોરી વાગવાનાં અસંખ્ય કિસ્સાઓમાં લોકોને તાત્કાલિક સારવાર ન મળતા જીવ ગુમાવવો પડે છે. ત્યારે કોઈને જીવ ગુમાવવો ન પડે તે માટે ઈમરજન્સી ૧૦૮ દ્વારા ઉત્તરાયણનાં તહેવારને લઈ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગળામાં દોરી આવી જવાના કેસમાં પણ નોંધપાત્ર વધારો ઈમરજન્સી ૧૦૮ દ્વારા ઉત્તરાયણનાં તહેવારને લઈ કુલ ૮૦૦ રોડ એમ્બ્યુલન્સ, ૨ બોટ એમ્બ્યુલન્સ અને ૧ એર એમ્બ્યુલન્સ તૈયાર કરી છે. ત્યારે ઉત્તરાયણનાં તહેવાર દરમ્યાન થતા અકસ્માતનાં કેસની વાત કરીએ તો ગત વર્ષ કરતા ચાલુ વર્ષે અકસ્માતનાં કેસમાં ૨૬ ટકાનો વધારો થવાની સંભાવનાં છે. તેજ સામાન્ય દિવસની સરખામણીએ ઉત્તરાયણનાં દિવસે કેસમાં ૨૦૦ ટકાના વધારાની શક્યતા છે. તેમજ વેહિક્યુલર ટ્રોમા અને નોને વેહિક્યુલર ટ્રોમાનાં કેસ વધુ નોંધાયા છે. તો ગળામાં દોરી આવી જવાનાં કેસમાં પણ નોંધપાત્ર વધારો થાય છે. તો બીજી તરફ ઉત્તરાયણનાં તહેવારનાં માણસ સહિત પક્ષીઓ પણ ધારદાર દોરીથી ઈજાગ્રસ્ત થતા હોય છે.

### સત્ર શરૂ થયાના આટલા મહિનાઓ બાદ પણ પુસ્તકો કેમ પહોંચ્યા નથી?

# જસદણ તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકોથી વંચિત

| રાજકોટ, તા.૧૦ |

રાજકોટના જસદણની શાળાઓમાં બાળકો પાઠ્યપુસ્તકોથી વંચિત હોવાનું સામે આવ્યુ છે. જેમાં અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતના પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓ પાસે નથી. જિલ્લા પંચાયતના સદસ્યોએ ઉઠાવેલા સવાલમાં આ સમગ્ર ઘટના સામે આવી છે

રાજકોટના જસદણની શાળાઓમાં બાળકો પાઠ્યપુસ્તકોથી વંચિત હોવાનું સામે આવ્યુ છે. જેમાં અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતના પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓ પાસે નથી. જિલ્લા પંચાયતના સદસ્યોએ ઉઠાવેલા સવાલમાં આ સમગ્ર ઘટના સામે આવી છે કે ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પાસે પાઠ્યપુસ્તકો નથી. જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પુસ્તકો પુરા પાડવા અંગે મનસુખ સાકરિયાએ રજૂઆત કરી હતી. પુસ્તકોની ઘટ પાછળ કમ્યૂનિકેશન ગેપ હોવાનું શિક્ષણ અધિકારીએ જવાબદાર ગણાવ્યું છે. જે તે સમયે તાલુકામાંથી પુસ્તક મંડળ સાથે કમ્યૂનિકેશન ન થતા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકથી વંચિત રહ્યા છે. તેમજ શિક્ષણ અધિકારી કહ્યું કે વહેલી તકે વિદ્યાર્થીઓને પુસ્તકો મળી જશે. હવે સવાલએ થાય છે કે સત્ર શરૂ થયાના આટલા મહિનાઓ બાદ પણ પુસ્તકો કેમ પહોંચ્યા નથી?

## સુરતમાં ટ્રેન ઉથલાવાના પ્રયાસના બનાવમાં ૨ ની ધરપકડ કરવામાં આવી

| સુરત, તા.૧૦ |

સુરતમાં બે દિવસ પહેલા ટ્રેન ઉઠલાવવાના પ્રયાસના મામલે સુરત રેલવે પોલીસે બે શખ્સોની કરી અટકાયત કરી છે. ધરપકડ કરાયેલા બંને લોકો ભંગારના કામ સાથે સંકળાયેલા છે. પાઈપ કાપવા માટે બંનેએ ટ્રેક ઉપર મૂકી હતી જોકે તેમનું આ કારસ્તાન અનેક લોકો માટે જીવનું જોખમ ઉભું કરી શકે તેમ હતું. સુરતમાં બે દિવસ પહેલા ટ્રેન ઉઠલાવવાના પ્રયાસના મામલે સુરત રેલવે પોલીસે બે શખ્સોની કરી અટકાયત કરી છે. ધરપકડ કરાયેલા બંને લોકો ભંગારના કામ સાથે સંકળાયેલા છે. પાઈપ કાપવા માટે બંનેએ ટ્રેક ઉપર મૂકી હતી જોકે તેમનું આ કારસ્તાન અનેક લોકો માટે જીવનું જોખમ ઉભું કરી શકે તેમ હતું. રેલવે તંત્રએ મામલાને ગંભીરતાથી લઈ બંનેની પૂછપરછ હાથ ધરી છે. સૂત્રો અનુસાર રેલવે ટ્રેક ઉપર પાઈપ મુકવા પાછળનું કારસ્તાન કોઈ ભાંગફોડિયા તત્વોનું નહીં પણ ભંગારનું કામ કરનારા બે શખ્સોનું હોવાનું સામે આવતા એક તરફ કોઈ મોટી દુર્ઘટના નિપજાવવાનું કાવતરું ન હોવાની રાહત તો બીજી તરફ આપ્રકારની વધતી ઘટનાઓએ ચિંતા પણ ઉભી થઈ છે.

### રોડ એન્જિનિયરિંગમાં ખામીનો આક્ષેપ

# પાટણ-બનાસકાંઠા હાઈવે પર અકસ્માતોની વણઝાર

| મહેસાણા, તા.૧૦ |

બનાસકાંઠા પાટણ સિક્સ લાઈન હાઈવે પર અકસ્માતને લઈ સ્થાનિકો રોષે ભરાયા છે. ધારેવાડા પાસે રોડનું લેવલિંગ યોગ્ય નહીં હોવાને લઈ અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. રોડનું યોગ્ય લેવલિંગ કરવામાં આવે અને હાલ પુરતા બેરિકેડ ગોઠવવામાં આવે એવી માંગ કરવામાં આવી છે. નહિંતર હવે સ્થાનિકો આંદોલનના માર્ગે આગળ વધશે. પાટણ બનાસકાંઠા જિલ્લાને જોડતા હાઈવે પર ધારેવાડા ગામ નજીક અકસ્માતો સર્જાઈ રહ્યા છે.ધારેવાડા પાસે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે અને જેને લઈ લોકો જીવ ગુમાવી રહ્યા છે. વારંવારના અકસ્માતોને પગલે સ્થાનિક લોકોએ હવે આંદોલનની ચિમકી ઉચ્ચારી છે અને અકસ્માત નિવારવા માટે રજૂઆત કરી છે.

રોડનું યોગ્ય લેવલિંગ નહીં હોવાને લઈ અકસ્માતો સર્જાઈ રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસમાં જ આ વિસ્તારમાં અકસ્માતમાં ૬ લોકો જીવ ગુમાવી ચુક્યા છે. જેને લઈ સ્થાનિકોએ હાલ પુરતા અહીં બેરિકેડ ગોઠવવીને અકસ્માત ઘટાડવા માટે માંગ કરી છે.

નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..
MERRYLAND
Women's Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ
કેમ્પ



સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગભર્ષિયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

કેમ્પ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગનન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)
સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્ક્વેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨